# સંપૂર્ણ ક્રાન્તિ

ગોવિંદભાઈ રાવલ

GJ 891.478
R 198 S

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦ ૦૧૪

Library IIAS, Shimla
GJ 891.478 R 198 S
00130416

130416
15-9-2010

GJ
891.478
R198S

દસ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૨૦૦૨

પહેલી આવૃત્તિ, પ્રત, ૧,૦૦૦, સપ્ટેમ્બર ૨૦૦૨

ISBN 81-7229-324-X

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રસ્તાવના

સંપૂર્ણ ક્રાન્તિ વિશે જે.પી.એ એવી પણ કેટલીક વાતો કહી છે કે જે જાતની વાતો નેતાઓ સામાન્ય રીતે નથી કહેતા હોતા, અને તેથી જ તે કેટલાક લોકોને અટપટી લાગે છે.

જે.પી. એવું માનતા હતા કે ભારત સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે સમાજનું પારંપરિક માળખું તથા સામંતવાદી ઢાંચો બદલી નાખવો અને તેની જગ્યાએ એક પ્રગતિશીલ, લોકશાહી સમાજરચના વિકસાવવી; અને એટલા જ માટે તેઓ લોકશાહીને જ મહત્ત્વ આપતા હતા. તેમણે લોકશાહીને જ સૌથી ઉપર મૂકી છે. તેઓ એમ પણ કહેતા હતા કે જો આપણે લોકતંત્ર લાવીશું તો બીજી બધી ચીજો તો આપમેળે સધાવાની જ છે. તેઓ તો એટલે સુધી કહેતા હતા કે લોકતંત્રમાં પરિવર્તન અને નિર્માણની શક્તિઓ આવે છે અને તેથી પછી બીજી કોઈ સામાજિક ક્રાન્તિની જરૂર જ નહીં રહે.

લોકશાહીમાં ખરેખરી શક્તિ તો મતદારની છે. ખરેખર તેનું એટલું જ કામ નથી કે તે પાંચ વર્ષમાં એક વાર મત આપી દે અને પોતાના શાસકો ચૂંટી લે. જે.પી.ના મત પ્રમાણે તેનું ખરું કામ તો એ છે કે પોતાના આડોશપાડોશના લોકો સાથે ચર્ચાવિચારણા કરીને સામૂહિક જીવનની ફરજોનું પાલન કરે. આમ થશે તો પ્રત્યેક ગામ અને તેના પડોશનું ગામ અથવા નગર લોકશાહીનું એક જીવતું જાગતું એકમ બની જશે અને તેનું સંચાલન તથા નિયંત્રણ આ મતદાતાઓની એટલે કે જનતાની સહકારી ભાવનાથી જ થશે; સરકાર કે કાયદા અથવા પોલીસના દંડાથી નહીં. જે.પી.નું આ લોકતંત્ર સહકારી (પાર્ટિસિપેટરી) હોવાનું. જ્યારે આજનું લોકતંત્ર કેવળ પ્રતિનિધિ-(રિપ્રેઝન્ટેટિવ)નું છે. આમ, જો આપણા દેશમાં જે.પી.ની વિચારસરણી મુજબનું લોકતંત્ર બને તો તેથી નવા સમાજની રચનાનું કામ કરવા માટેનું સૌથી શક્તિશાળી માધ્યમ તે બને. તેમાં નાગરિકો અને મતદાતાઓના સહયોગથી સરકારની શક્તિ તો વધશે જ પણ સાથે સાથે શાંતિની શક્તિ પણ

ઉમેરાશે. આવું લોકતંત્ર હિંસાથી મુક્ત હોવાનું, જે આજે લોકતંત્ર માટે મોટામાં મોટી સમસ્યા બની છે.

ગાંધીજી પણ આમ જ વિચારતા હતા; પરંતુ જે ચિત્ર ગાંધીજીના 'હિંદ સ્વરાજ'માં છે, તે તો એક ડગલું આગળ છે. એમાં મોરલ સોસાયટીની વાત છે. જેમાં નાગરિકનો નૈતિક વિવેકધર્મ જ એટલો વિકાસ પામશે કે જ્યારે કાયદાની જરૂર ઘણી જ ઓછી રહેવાની.

જે.પી. મુક્ત માનવોનો મુક્ત ભાઈચારો ઝંખતા હતા. પરંતુ તેઓ એ પણ સમજતા હતા કે માનવ સંસ્કારોથી જકડાયેલો છે અને તેથી જ તે પોતે પોતાની ગતિથી આગળ વધે છે. જો તેને બાહ્ય તાકાત લગાડીને દોડાવવાનો પ્રયત્ન થશે તો તે ગતિભ્રમ થઈને પડી જશે.

જે.પી.ના વિકેન્દ્રિત તથા ભાગીદારીવાળા લોકતંત્રમાં પ્રમુખશક્તિ લોકોની જ હોવાની, તંત્રની નહીં. લોકોની શક્તિ લોકશક્તિ છે, તંત્રની શક્તિ રાજશક્તિ છે. લોકશક્તિ રાજશક્તિ કરતાં મોટી શક્તિ હશે; જે આજે બિલકુલ નાની થઈ ગઈ છે.

જો આપણે ૧૯૭૪-૭૫માં બિહારમાં થયેલ સંપૂર્ણ ક્રાન્તિ આંદોલનને સમજવાનો પ્રયત્ન કરીશું તો જાણી શકીશું કે રાજશક્તિ એટલે કે રાજ્યની સૈનિક શક્તિ ઇન્દિરાજીના પક્ષમાં હતી અને નાગરિક શક્તિ જે.પી.ના પક્ષમાં. પરિણામ આપણે જોયું છે. ૧૯૭૭ની ચૂંટણીમાં ઇન્દિરાજી હારી ગયાં અને તેમના હાથમાંથી ગાદી છીનવી લેવામાં આવી. આમ, લોકતંત્ર પોતાના માટે પાછું આવી ગયું.

કેટલાંક વર્ષો પછી ખાદીગ્રામમાં મારા મુખે આવી વાત સાંભળીને એક અમેરિકન પત્રકારે મને પૂછ્યું : 'એ કેવી રીતે શક્ય બન્યું કે એક નાગરિક કે જેની પાસે કોઈ સૈન્ય બળ નહોતું કે નહોતાં બીજાં એવાં શક્તિશાળી સાધન, દેશના વડા પ્રધાનની પાસે તો બધું જ હતું, તોપણ તેમને હરાવી શક્યા અને વિજય મેળવ્યો.' ત્યારે મેં તે ભાઈને કહેલું કે 'જે.પી.ની પાસે હતી જનતાની નૈતિક શક્તિ'. ત્યારે તે ભાઈએ કહ્યું, 'આવું તો ગાંધીના દેશમાં જ બની શકે, બીજે ક્યાંય ના બની શકે !'

જે.પી. ઇચ્છતા હતા કે લોકતંત્ર એવું હોવું જોઈએ કે જેમાંથી લોકોની નૈતિક સહકાર શક્તિ સ્વયંભૂ પ્રગટે. ગાંધી પણ એ જ ઇચ્છતા હતા. એટલે

જ એમને જ્યારે પૂછવામાં આવ્યું કે, 'અંગ્રેજી રાજ પૂરું થઈ જશે પછી આપ સૌથી પહેલું કયું કામ હાથ ધરશો ?' ત્યારે મહાત્મા ગાંધીનો આ જવાબ હતો : 'લોકતંત્રને આગળ વધારીશ' (સેટિંગ ડિમોક્રેસી ઓન ધી માર્ચ).

જો જે.પી.ની આ વાત લોકો બરાબર સમજી જશે તો પછીથી બીજી વાતો સમજવાનું અઘરું નહીં પડે. કેટલીક અન્ય વાતો કે જે આ પાયાની વાત સાથે જોડાયેલી છે, તે આ પ્રમાણેની છે :

લોકતંત્રથી ચાલતી લોકશાહીમાં રાજકીય પક્ષોની શી જરૂર ? લોકો પોતે જ પોતાનું ચૂંટણીતંત્ર બનાવી, ઉમેદવાર નક્કી કરે અને તેને જિતાડે, તે લોકોને વફાદાર હોય, તેના ઉપર જનતાનો જ અંકુશ રહે; એટલું જ નહીં પણ તે કામ ન કરે કે ખોટું કરે તો જનતા જ તેને પાછો બોલાવી લે.

આજનું લોકતંત્ર તો પ્રતિનિધિઓનું તંત્ર છે. તે સાચે જ નિષ્ફળ ગયું છે. તેને બદલીને પક્ષરહિત ભાગીદારીવાળું લોકતંત્ર (પાર્ટિસિપેટરી ડિમોક્રેસી) અપનાવી લેવી જોઈએ.

આવા લોકતંત્રનો પાયો પુનર્નિર્માણ(રિકન્સ્ટ્રકશન)નો નંખાય અને તેના ઉપર લોકશાહી ઢાંચો ઊભો કરવામાં આવે અને પછી નિર્માણની દરેક વાતમાં વિજ્ઞાનની દૃષ્ટિ કેળવવામાં આવે.

એક વખત નિર્માણનાં સામાજિક લક્ષ્યો નક્કી કરી લેવામાં આવશે, તે પછીથી તે લક્ષ્યોને પાર પાડવા માટે યોજનાઓ બનાવવાનું કામ વૈજ્ઞાનિકોને સોંપવામાં આવે. આમાં નેતાશાહી કે નોકરશાહીની કોઈ જરૂર ના હોવી જોઈએ.

આવી યોજના અને એના પુનર્નિર્માણમાં શાળાનું શિક્ષણ સામૂહિક શિક્ષણ (કમ્યુનિટી એજ્યુકેશન) ગામ જ વિદ્યાલય બની રહેશે. ગ્રામવાસીઓના જીવનની પ્રત્યેક હાજત અને ક્રિયા, પ્રક્રિયાઓ શિક્ષણનો વિષય બની રહેશે. જેઓ જ્ઞાન પ્રાપ્ત કરશે તેઓ આ નવા જ્ઞાનની સૃષ્ટિ પણ ઊભી કરશે અને એમ શિક્ષણ યોજનામાં પ્રૌઢો તથા બાળકો સમાન રીતે વિદ્યાર્થીઓ બનશે. શિક્ષણની આવી યોજના જે.પી.ના મનમાં હતી.

એકલી શિક્ષણની વાત જ શા માટે, ખેતીવાડી, ઉદ્યોગો, ન્યાય, આરોગ્ય, વગેરે બધાંમાં જ બુનિયાદી સુધારા અને ફેરફારો કરવા જ પડવાના. સંપૂર્ણ ક્રાન્તિને નવી રાજનીતિ, નવી કાર્યપદ્ધતિ, નવી ધર્મનીતિ, નવી શિક્ષણનીતિ

એટલે કે સંપૂર્ણ જીવનનીતિ નવી જ બનાવવી પડશે. એટલે જ જે.પી. કહેતા હતા કે ક્રાન્તિ એ પરિવર્તન અને વિકાસની શાશ્વત પ્રક્રિયા છે અને તેથી જ પ્રત્યેક પેઢીએ પોતાની સંપૂર્ણ ક્રાન્તિ યોજના નવેસરથી બનાવવી પડશે, કે જે પાછળની યોજના કરતાં એક ડગલું આગળની હશે.

એ વાતનું ભારે દુઃખ છે કે જે.પી.ના સ્વર્ગવાસને ૨૩ વર્ષ વીતી ગયાં, પરંતુ નવી પેઢી આવી નવી સંપૂર્ણ ક્રાન્તિ હજુ લાવી શકી નથી. આપણે સૌ સરકારના ભરોસે બેઠા છીએ. તે આપણી સમસ્યાઓનો ઉકેલ શોધશે એમ માનીને; પણ શું તે ઉકેલ લાવી શકશે ? તે માટેની ક્ષમતા તેનામાં છે ?

પંચાયતી રાજને લીધે પરિવર્તનનું સૂત્ર જનતાના હાથમાં આવ્યું તો છે, જોકે તેમાં ઘણી ખામીઓ પણ છે જ પરંતુ એક છેડો જરૂર હાથમાં આવ્યો છે કે જેના આધારે આગળ વધી શકાય તેમ છે.

ગોવિંદભાઈ સાચા શિક્ષક છે. તેમણે સંપૂર્ણ ક્રાન્તિને જે.પી.ના જન્મના ૧૦૦મા વર્ષને પરિવર્તન અને પુનર્નિર્માણની દૃષ્ટિએ જોયું છે. પ્રજામતથી આગળ વધીને પરિવર્તન અને પુનર્નિર્માણના સૂત્રને પોતાના હાથમાં ગ્રહણ કરે એ જ આજના સમયની તાતી માગણી છે.

આ નાનકડી પુસ્તિકા ઘરે ઘરે પહોંચે, વંચાય અને કેટલાંક ગામડાંમાં પરિવર્તનનું કામ શરૂ થઈ જાય એમાં જ આની સાર્થકતા છે; સાચે જ, ગોવિંદભાઈની આ વિચાર-સેવા યશસ્વી બનો, એ જ મારી અંતરની મનોકામના છે.

**– આચાર્ય રામમૂર્તિ**

ખાદીગ્રામ
બિહાર

# સંપૂર્ણ ક્રાન્તિ

ક્રાન્તિ શબ્દ સાંભળતાં જ એક ઉદ્દીપક ભાવ આપણા ચિત્તમાં જાગે છે.

ક્રાન્તિ એટલે શું ? ક્રાન્તિની ઘણી ઘણી વ્યાખ્યાઓ થઈ શકે. પરંતુ સામાન્ય માણસો, એકાએક થઈ જતો કશોક પલટો, એને 'ક્રાન્તિ' સમજે છે. અંગ્રેજીમાં ક્રાન્તિની આવી જ વ્યાખ્યા છે. Sudden and radical change is called Revolution.

ક્રાન્તિની પરંપરિત બીજી વિભાવના એવી છે કે ક્રાન્તિ હંમેશાં હિંસક હોય. લોહી ન રેડાય તો ક્રાન્તિ શાની ? યુદ્ધો, લડાઈઓ તો હંમેશાં લોહિયાળ હોય અને આવા જંગ પછી આવતા સત્તાપલટાને લોકો 'ક્રાન્તિ' થઈ, એમ માનતા હોય છે.

## ઉત્ક્રાન્તિ

એક હોય છે ઉત્ક્રાન્તિ અને બીજી હોય છે ક્રાન્તિ. કુદરત કરે તે ઉત્ક્રાન્તિ અને માણસ કરે તે ક્રાન્તિ. અમીબામાંથી આદમીનું થવું એ કુદરતે કરેલી ઉત્ક્રાન્તિનું પ્રમાણ છે. ઉત્ક્રાન્તિની પ્રક્રિયા ઘણી ધીમી હોય છે. પણ એ રીતે થતાં પરિવર્તન કાયમી હોય છે. જમીન, પાણી, વૃક્ષો લાખો વર્ષની કુદરતની મહેનતને પ્રતાપે પ્રાપ્ત થતાં કોલસો, લોઢું, સોનું, તેલ, હીરા, વગેરે કુદરતની ઉત્ક્રાન્તિની સિદ્ધિઓ છે. એનો આપણે વગર વિચારે દુરુપયોગ કરી, કુદરતી સંપદાને વેડફી મારીએ છીએ. કુદરતની ઉત્ક્રાન્તિ દ્વારા પ્રાપ્ત થતી કાયમી સંપદાને માણસજાતે ખૂબ વિચારપૂર્વક, વિવેકપૂર્વક અને કરકસરભરી રીતે વાપરવી જોઈએ.

પણ આપણે સ્વાર્થી બની, આ સંપદાનો દુરુપયોગ કરી, પર્યાવરણને નુકસાન પહોંચાડીએ છીએ. એટલે પછી આપણે જ પ્રદૂષણના ભોગ બનીએ છીએ. આપણી નાદાનિયત અને મૂર્ખામીને કારણે પૃથ્વીના હવામાનમાં અણધાર્યા પલટા આવે છે, ઋતુઓ અનિયમિત બને છે, ગરમી, પૂર, વાવાઝોડાં, ભૂકંપ, દુકાળ જેવી હોનારતો સર્જાય છે, પૃથ્વીનું તાપમાન વધી જાય છે, ઓઝોનમાં કાણું પડે છે, ધરતીની માટી ધોવાય છે, વૃક્ષોનું નિકંદન નીકળે છે, હવા, પાણી, ખોરાક, પ્રદૂષિત થાય છે. અરે, પરમાણુ શક્તિ વાપરીને તો આપણે આપણા જીવનના જ અસ્તિત્વ માટે જોખમ ઊભું કરીએ છીએ.

કુદરતે વિના મૂલ્યે આપેલી મહામૂલી ભેટોનો, ઉત્ક્રાન્તિના નિયમને

સમજ્યા વિના આપણે કેવો ધ્વંસ કરી રહ્યા છીએ ?

આમ ક્રાન્તિને સમજતા પહેલાં ઉત્ક્રાન્તિની આ વાત પણ સારી રીતે સમજવાની જરૂર છે. જો તેને સમજીને તેનો લાભ લઈએ તો આપણે જે **'સંપૂર્ણ ક્રાન્તિ'** કરવી છે તેમાં કુદરતની અને ઉત્ક્રાન્તિની ખૂબ સરસ મદદ માનવજાતને મળી શકે.

આ થઈ ઉત્ક્રાન્તિની વાત. હવે આપણે ક્રાન્તિની વાત કરીએ. આપણે જોયું કે કુદરત કરે તે ઉત્ક્રાન્તિ અને માણસ કરે તે ક્રાન્તિ.

## કૃષિક્રાન્તિ

માણસે કરેલી પહેલી ક્રાન્તિ, તે છે – કૃષિક્રાન્તિ. પોતાના સાંસ્કૃતિક વિકાસમાં માણસે ભરેલું આ છે પહેલું કદમ. કાકાસાહેબ કહેતા કે Agriculture is the best culture. ખેતી એ સૌથી શ્રેષ્ઠ સંસ્કૃતિ છે.

શિકારી જીવનમાંથી કૃષિજીવનમાં માનવીનો પ્રવેશ એક અદ્‌ભુત ક્રાન્તિ બની રહી. આ ક્રાન્તિએ માણસના ચારિત્ર્યમાં ઘણાં દૂરગામી પરિવર્તન આણ્યાં.

પહેલું પરિવર્તન તો એ આણ્યું કે એકલવિહારી માનવી કુટુંબ બાંધી રહેતો થયો. પારિવારિક ભાવનાની ખિલવણી એ કૃષિક્રાન્તિની પહેલી સિદ્ધિ. આ ભાવનાને આગળ ઉપર આપણા ઋષિમુનિઓએ वसुधैव कुटुम्बकम् સુધી વિસ્તારી. કૃષિક્રાન્તિ થતાં ખેતીનાં કામોમાં તેને અન્ય લોકોની પણ અનેક રીતે મદદ લેવાની જરૂર ઊભી થઈ. આથી બીજું પરિવર્તન એ આવ્યું કે માણસમાં સામુદાયિક ભાવનાની ખિલવણી થઈ. જેમ પારિવારિક ભાવનાનું એકમ 'કુટુંબ', તેમ સામાજિક ભાવનાનું એકમ **'ગામ'** – **'ગ્રામ'** બન્યું.

વિનોબાની ભાષામાં 'ગામડું' એ અહિંસક સમાજરચનાની માણસે સર્જેલી પ્રયોગશાળા છે. ગ્રામ એટલે સમૂહ, એક પરસ્પરાવલંબી સમૂહ. ખેડૂત, ગોપાલક, વણકર, કુંભાર, સુથાર, લુહાર, મોચી, દરજી, ઘાંચી... આવા વ્યવસાયો દ્વારા ગ્રામજીવન સમૃદ્ધ બન્યું. એટલું જ નહીં પણ સાંસ્કૃતિક બન્યું.

ઉદ્યોગો દ્વારા વિજ્ઞાન ખીલ્યું. જેનાથી આર્થિક સધ્ધરતા આવી. સમૂહ વસવાટને કારણે ભાઈચારાની ભાવના પણ ખીલી. તદુપરાંત માણસમાં પડેલી સર્જકતાનો આવિષ્કાર થયો, જેમાંથી સાહિત્ય, સંગીત અને વિવિધ કલાઓનો પ્રાદુર્ભાવ થયો.

કૃષિગોપાલનને કારણે એક ભવ્યાતિભવ્ય કદમ માણસે એ ભર્યું કે તે માંસાહારીમાંથી અન્નાહારી, શાકાહારી થયો. માનવજાતિએ તેના સાંસ્કૃતિક વિકાસમાં ભરેલું આ પગલું પોતે જ એક ક્રાન્તિકારી કદમ કહી શકાય. અલબત્ત, બધા જ માણસોએ માંસાહાર છોડ્યો છે એમ નથી. મોટા ભાગના લોકો તો આજે પણ મિશ્ર-આહારી છે. શાકાહારને તો આજનું વિજ્ઞાન પણ અનુમોદન આપે છે. એટલું જ નહીં અનેક રોગોમાંથી ઉગારવામાં તે સહાય કરે છે, એમ પણ તે કહે છે. એટલે કૃષિક્રાન્તિના ફળરૂપે શાકાહારને પણ તેણે તેની યાત્રામાં ભરેલ એક આગલા કદમરૂપે જરૂર ગણાવી શકીએ.

કૃષિક્રાન્તિ થતાં, જેમ માણસનો માણસ સાથે નાતો બંધાયો તેવો જ પશુસૃષ્ટિ સાથે પણ તેનો આત્મીય સંબંધ થયો. પાલતુ પશુઓ સાથેની આત્મીયતા માણસના આંતરિક – આધ્યાત્મિક વિકાસમાં ખૂબ મદદરૂપ બની છે. પોતાના કોચલામાંથી નીકળી માણસ સજીવ સૃષ્ટિ સાથે પોતાની ચેતનાનું અનુસંધાન અનુભવતો થયો.

આ પાલતુ પશુઓમાં આપણે અગ્રસ્થાને નિ:શંક રૂપે 'ગાય'ને મૂકી શકીએ. ગાયના બળદ ખેતી માટે, કૃષકને તો પોતાના અંગભૂત 'સાથી' બની રહ્યા.

ગાયનું દૂધ અને તેની બનાવટો તથા ગોમૂત્ર ને ગોબર પણ માણસના આરોગ્ય માટે કેટલાં કીમતી છે, તેની વૈજ્ઞાનિક સંશોધનો સાક્ષી પૂરે છે.

ગાય આખીય પશુસૃષ્ટિ સાથેના માનવીય સંબંધનું પ્રતીક છે. કૃષિના જેટલું જ બલ્કે કેટલીક બાબતોમાં કૃષિ કરતાં પણ અદકેરું ગાયનું માનવજાતિના વિકાસમાં યોગદાન છે.

ખેતી એટલે વનસ્પતિ સૃષ્ટિ સાથેનો સંબંધ. અનેક જાતનાં ધાન્યો, વૃક્ષો અને વનસ્પતિ-ઔષધિની ઉપાસના કરીને માણસજાતે પોતાનો ચેતોવિસ્તાર વધાર્યો છે.

આમ કૃષિક્રાન્તિ માણસના સર્વતોમુખી વિકાસમાં એક મહત્ત્વનું કદમ સાબિત થયું છે.

અલબત્ત, આનું બીજું પાસું પણ છે. નાના નાના ગ્રામસમૂહો રૂપે મર્યાદિત વિસ્તારમાં રહેનાર ગ્રામીણ સમાજમાં કાળાંતરે સ્વાર્થ, સંકુચિતતા, આપવડાઈ, નવાં પરિવર્તનોની ઉપેક્ષા... જેવા અનેક દોષો પણ ઘૂસી ગયા.

આ તો ગ્રામ્ય–'ગામડિયું' એટલે ગમાર. અણઘડ, અણવિકસિત એવી ધારણાઓ પણ વિકસિત સમાજમાં પેદા થઈ.

બંધિયાર ગ્રામસમાજમાં નવાં નીર ન આવતાં અજ્ઞાન, વહેમો, વ્યસનો, ગંદકી, કુરિવાજો, અસ્પૃશ્યતા, જ્ઞાતિવાદ જેવાં અનેક દૂષણો પણ વકર્યાં.

અલબત્ત, ગુલામીકાળમાં હેતુપુર:સર ગામડાંઓ, ખેતી અને ગ્રામોદ્યોગોની થયેલી ઉપેક્ષાને લઈને આ દૂષણો વધુ વકર્યાં એમ કહી શકાય.

જો નવું જ્ઞાન અને વિજ્ઞાન ગ્રામસમાજ સુધી વ્યવસ્થિત પહોંચતું રહ્યું હોત તો ભારતના ગ્રામીણ સમાજની આવી દુર્દશા ન થાત.

દુ:ખની વાત તો એ છે કે સ્વરાજકાળમાં પણ ભારતનાં ગામડાંની એવી જ ઉપેક્ષા થતી રહી છે. તેને કારણે આગળ ગણાવ્યાં તે બધાં જ દૂષણો હતાં એથી આજે વધુ વકર્યાં છે.

એટલે આજે આપણા પૂર્વજોએ કરેલી કૃષિક્રાન્તિને યુગાનુકૂળ સજીવ ખેતીનો નવો મોડ આપવા માટે 'સંપૂર્ણ ક્રાન્તિ'ની જરૂર છે. તે વિના ગરીબી નાબૂદી અને પ્રદૂષણમુક્તિ સંભવિત નથી.

ભારતના સંદર્ભમાં 'સંપૂર્ણ ક્રાન્તિ' માટે ગામડું, કૃષિ, ગામોદ્યોગો અને ગાય અનિવાર્ય ઘટક ગણી શકાય. જરૂર છે માણસ અને સૃષ્ટિને પોષક એવા નવીન વૈજ્ઞાનિક અભિગમની. તે શું હોઈ શકે તેની ચર્ચા આગળ આપણે કરીશું. અહીં એ નોંધ ખાસ લેવી જોઈએ કે 'કૃષિક્રાન્તિ'માં ક્યાંય માનવીને લોહીનું ટીપું રેડવું પડ્યું નથી. અત્યારે અહીં એટલી વાત અંકે કરીએ કે 'ક્રાન્તિના ઇતિહાસમાં માણસે ભરેલું પહેલું કદમ તે છે કૃષિક્રાન્તિ'.

## ઔદ્યોગિક ક્રાન્તિ

તો બીજું કદમ છે ઔદ્યોગિક ક્રાન્તિ. યંત્રની શોધ એ માનવજાતના ઇતિહાસમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવનાર બની રહી. યંત્રની શોધથી માણસનું જીવન માત્ર સુખસગવડ અને સુવિધાવાળું જ બન્યું એવું નથી. આ શોધોએ એની જીવનશૈલી બદલી નાખી. એટલું જ નહીં એની વિચારસરણીમાં પણ જબરદસ્ત પરિવર્તન આણ્યું.

વરાળ, વીજળી, તેલ અને ઇલેક્ટ્રૉનિક ઉપરકરણોની મદદથી માનવીનું આખું કલેવર જ બદલાઈ ગયું. આગગાડીથી શરૂ કરી ચંદ્ર અને અન્ય ગ્રહો સુધીની માનવીની ઉડાન અતિભવ્ય છે, રોમાંચક છે. ભોજપત્ર પર કિત્તાથી

લખતો માણસ આજે કમ્પ્યુટર વાપરતો થયો છે. ટપાલીના થેલાથી વહેંચાતી ટપાલ આજે ઇન્ટરનેટ, ઈમેલ અને ફેક્સની મદદથી તત્ક્ષણ દુનિયાના બીજા છેડે વાંચી શકાય છે. પોતાના જ ઘરમાં બેઠા બેઠા ફોનથી ઉત્તર ધ્રુવ પહોંચેલા સાહસવીર સાથે વાત થઈ શકે છે. ચકાચૌંધ થઈ જવાય એવી આ ઔદ્યોગિક શોધો છે. ઇન્ફરમેશન ટેક્નોલૉજીની શોધો, કે જેને કારણે 'માહિતીનો થઈ રહેલો વિસ્ફોટ' એ પણ ઔદ્યોગિક ક્રાન્તિનું જ એક ઉપાંગ છે. આ બધાથી માણસ સાચે જ ઘણુંબધું લાભ્યો છે.

પણ માણસની એક નબળાઈ છે કે તે પોતાના અહં અને સ્વાર્થના પાશમાં ફસાઈ, સિદ્ધિઓનો વિવેકપૂર્વકનો સદુપયોગ કરવાને બદલે તેનો મોટા પાયે દુરુપયોગ કરે છે. કૃષિક્રાન્તિમાં વિકાસનું વહેણ સતત વહેતું ન રહેતાં, એમાં સ્થગિતતા આવતાં, તે અબુધ, ગમાર અને ગામડિયો બની ગયો. એવું જ ઔદ્યોગિક અને ઇન્ફરમેશન ટેક્નોલૉજીની ક્રાન્તિનું પણ થયું છે.

આ ક્રાન્તિનો લાભ સર્વજન હિતાય માટે ટાળીને વર્ગવિશેષ કે દેશવિશેષ માટે જ લેવાની સ્પર્ધામાં પડીને આજે તો આ બધા સાક્ષરો રાક્ષસો બનીને કાળો કેર વર્તાવી રહ્યા છે. તેમણે દુનિયાને વિકસિત, વિકાસશીલ અને પછાત એવા વિભાગોમાં વહેંચી નાખી છે. વિકસિત રાષ્ટ્રોની દાદાગીરી ભારે છે. ગ્લોબલાઈઝેશન – વૈશ્વીકરણને નામે, પછાત રાષ્ટ્રોને ગંજાવર લોનો આપી પોતાના આર્થિક ગુલામ બનાવી દે છે. ગરીબ રાષ્ટ્રોને દેવામાં ડુબાડવાનું અને તેમને પ્રદૂષણના નર્કાગારમાં ફેરવી નાખવાનું એક ષડ્યંત્ર આ મહાકાય સત્તાઓ પોતાની ખીલવેલી ઔદ્યોગિક અને ઇન્ફરમેશન ટેક્નોલૉજીને બળે ચલાવી રહી છે. એમને પણ ડારતો આતંકવાદ એ પણ આની જ ઉત્પત્તિ છે.

ગાંધીજીએ તેમના 'હિંદ સ્વરાજ'માં ઔદ્યોગીકરણને સુધારો નહીં પણ 'કુધારો' કહી એની ભારે ટીકા કરી હતી. અલબત્ત, ઔદ્યોગીકરણ અને ઇન્ફરમેશન ટેક્નોલૉજી સ્વતઃ કુધારો નથી. પણ તેનો વિવેકપૂર્વકનો સર્વજન હિતાય ઉપયોગ થયો નથી, એટલે તેટલે અંશે તે જરૂર ટીકાને પાત્ર છે.

બાકી ઔદ્યોગિક ક્રાન્તિ એ માણસની વિકાસયાત્રાનું જરૂર બીજું એવું મહત્ત્વનું કદમ છે. જોકે આપણે બે વાતે ધ્યાન રાખવું રહ્યું : ૧. માણસને કાળજાતૂટ, કાળી મજૂરીમાંથી ઉગારે અને તેની સર્જનશીલતાને રૂંધી ન નાખે તેવાં યંત્રો હરદમ આવકારવાં. શરત એટલી કે તે માણસને બેકાર બનાવી એને

જ રિપ્લેસ ન કરી દે. જો માણસ જ મૂળસોતો ઊખડી જાય તો ભલા એવા યંત્રનું શું કામ છે ?

૨. આ યાંત્રિક ઉત્પાદન પ્રદૂષણ કરનારું ન હોવું જોઈએ. નહીં તો પ્રકૃતિ અને માનવ બધાનો ખાત્મો નીકળી જશે.

ઔદ્યોગિક ક્રાન્તિના કાળમાં જ માણસજાતને 'લોકશાહી' જેવી નવતર જીવનશૈલી મળી છે. જેમાં માણસમાત્ર સમાન, ન કોઈ ઊંચ ન કોઈ નીચ. નાત-જાત, કોમ-ધર્મ, સ્ત્રી-પુરુષ, ગરીબ-તવંગર, ભણેલા-અભણ, કાળા-ગોરા સહુને સમાન મતાધિકાર મળ્યો છે.

ઔદ્યોગિક ક્રાન્તિએ આર્થિક વિષમતા ભયંકર સર્જી છે. પણ સામાજિક સમાનતા સ્થાપવામાં એણે ઘણી મદદ પણ કરી છે.

અલબત્ત, પક્ષીય રાજકારણે અને ધાર્મિક કટ્ટરતાએ ભારત જેવા દેશમાં નાત-જાત અને ધર્મના નામે સામાજિક સમાનતા સ્થાપિત કરવામાં ઘણીબધી અડચણો ઊભી કરી છે. પણ કાળબળ એમની સાથે નથી. એટલે આ બધાં પ્રતિક્રિયામૂલક બળો અંતે હારશે. આ માટે જ તો સંપૂર્ણ ક્રાન્તિએ કામ કરવાનું છે ને ! આર્થિક સમાનતા અને સામાજિક ન્યાય એ સંપૂર્ણ ક્રાન્તિનું લક્ષ્ય છે. એટલે આપણે એકવીસમી સદીમાં એક ત્રીજી ક્રાન્તિ કરવાની છે. જેનું નામ હશે **'માનવીય ક્રાન્તિ'**.

## ક્રાન્તિની ત્રિસૂત્રી

ફ્રાન્સની ક્રાન્તિએ દુનિયા આખીને એક નવું સૂત્ર આપ્યું છે.

**સ્વતંત્રતા, સમાનતા, બંધુતા.** ભારતીય ભાષામાં કહીએ તો આ એક 'મંત્ર' મળ્યો, જે ક્રાન્તિની ત્રિસૂત્રી બની રહ્યો

રાજાશાહી અને સરમુખત્યારશાહીની એડી નીચે કચડાતાં રાષ્ટ્રોને જાણે કે પ્રાણવાયુ મળ્યો. આ સૂત્રના બળે તે કાળે એક લોકઆકાંક્ષા જન્મી – સ્વતંત્રતા; અમારે સ્વતંત્રતા જોઈએ. જોકે આ સ્વતંત્રતાપ્રાપ્તિ માટે દુનિયાભરમાં ઘણું લોહી રેડાયું. ફ્રાન્સ, ઈંગ્લૅન્ડ, જર્મની, અમેરિકા, ચીન, રશિયા બધા દેશોમાં લોહિયાળ સ્વાતંત્ર્યસંગ્રામો થયા.

તેમાં રશિયાને અને ચીનને બાદ કરતાં બધા દેશોમાં સ્વતંત્રતાપ્રાપ્તિની સાથે 'લોકશાહી' શાસન વ્યવસ્થાનો પણ સ્વીકાર થયો.

રશિયા અને ચીનને રાજાશાહીની ચુંગાલમાંથી છૂટવા પૂરતી સ્વતંત્રતા

અભિપ્રેત હતી. પરંતુ તેમને મજૂરો અને ખેડૂતોના શોષણે સર્જેલી આર્થિક અસમાનતા વધુ કઠતી હતી. એટલે એમણે 'લોકશાહી'ને બદલે 'સામ્યવાદ'નો સહારો લીધો.

આમ સ્વતંત્રતાની ઉપાસનામાંથી 'લોકશાહી' લાધી. જેના પ્રતાપે યુરોપ અને અમેરિકાનાં ઘણાં બધાં રાષ્ટ્રો 'લોકશાહી' રાષ્ટ્રો બન્યાં. તેમણે પોતાના આર્થિક વિકાસ માટે 'મૂડીવાદ'ને સ્વીકાર્યો. જ્યારે રશિયા, ચીન, યુગોસ્લાવિયા, પશ્ચિમ જર્મની જેવાં રાષ્ટ્રોએ લોકશાહીને બદલે પ્રોલિટેરિયન ડિક્ટેટરશિપ – શ્રમજીવીઓની સરમુખત્યારશાહીને પસંદ કરી, જેનું રૂપાળું નામ રાખ્યું 'સામ્યવાદ'.

સામ્યવાદના ઉદ્‌ગાતા હતા – ગરીબોના મસીહા – કાર્લ માકર્સ. જેમણે તેમના કૉમ્યુનિસ્ટ મૅનિફેસ્ટોમાં લલકાર કર્યો : 'દુનિયાના તમામ મજૂરો એક થાઓ. તમારે કશું જ ખોવાનું નથી – સિવાય કે તમારી ગુલામી અને શોષણની જંજીરો'.

ઇતિહાસ સાક્ષી છે કે – જ્યાં સામ્યવાદ આવ્યો ત્યાં શ્રમજીવીઓને નામે કોઈક ટોળકી કે સ્ટાલિન જેવા સરમુખત્યારે પ્રજાને ગુલામીની એડી નીચે દબાવી રાખી તો બીજી બાજુ શોષણમુક્તિ પણ છલના બની રહી. માત્ર ૭૦ વર્ષના સામ્યવાદના શાસને રશિયાના શા હાલ કર્યા એ હવે ક્યાં અજાણ્યું છે ? હિંસાને માર્ગે આર્થિક સમાનતા સ્થાપિત કરવાનો સામ્યવાદી પ્રયોગ નિષ્ફળ ગયો. ચીને સામ્યવાદનું મહોરું પહેરી રાખ્યું છે પણ આર્થિક ક્ષેત્રે એણે પણ મૂડીવાદી વૈશ્વીકરણ સામે ઘૂંટણ ટેકવી દીધા છે.

આજે દુનિયાભરમાં પોતાને લોકશાહી ગણાવતાં રાષ્ટ્રોએ આર્થિક વિકાસ માટે મૂડીવાદને અપનાવી લીધો છે.

પણ આ લોકશાહી મૂડીવાદે અનેક પ્રશ્નો ખડા કર્યા છે.

પહેલો પ્રશ્ન **બેકારી.** કેવો મોટો વિપર્યાસ ! આજે અન્ન, વસ્ત્રના ગંજ છે અને છતાં દુનિયાના કરોડો ગરીબો ઉઘાડા ડિલે અને ભૂખ્યા પેટે ખુલ્લામાં આકાશ નીચે પડી રહે છે. કેમ ? કારણ એ બેકાર છે. અન્ન, વસ્ત્ર અને આવાસ મેળવવા એમની પાસે 'ખરીદશક્તિ' નથી. એમની પાસે કામ ન હોય તો દામ લાવે ક્યાંથી ? અને દામ વિના ખરીદે કેવી રીતે ?

મહાકાય મલ્ટિનૅશનલ કંપનીઓ ચલાવતી દુનિયાભરનાં રાષ્ટ્રોની

લોકશાહી, પોતાના મતદારને Right to workનો મૂળભૂત અધિકાર આપવામાં નિષ્ફળ ગઈ છે. આ મૂડીવાદી લોકશાહી, કે જેની પાસે વિજ્ઞાનની અદ્ભુત સિદ્ધિઓ છે, તેમ છતાં એ 'દરેકને કામ' આપી શકતી નથી. હા કદાચ દયાનો ટુકડો 'ડોલ' આપી ગરીબોને મરવા વાંકે જીવતા રાખે છે. આ એની પહેલી નબળાઈ.

તો એની બીજી નબળાઈ છે એણે કરેલું **પ્રદૂષણ**. સમાનતા ઝંખતા માનવીને આર્થિક અને સામાજિક શોષણના સકંજામાંથી છોડાવવાની વાત તો વેગળી રહી પણ આ ખાઉધરી સંસ્કૃતિએ ધરતી, પાણી, ખનીજ, વન-વનસ્પતિ અને હવાનું શોષણ કરી એટલું મોટા પાયે પ્રદૂષણ કર્યું છે કે જીવમાત્રને જીવવા માટે થઈને સંકટ ખડું થઈ ગયું છે.

તેની ત્રીજી નબળાઈ તે કૌટુંબિક અને સામાજિક જીવનમાં ઊભી થયેલી ખાઈ. પતિ-પત્ની, મા-બાપ, સંતાનો, પડોશી આ બધાં વચ્ચે **'એલિએશન'** અળગાપણાની માનસિક રુગ્ણતા સર્જાઈ છે. આવડી મોટી સમૃદ્ધિ વચ્ચે માણસ પોતાને એકલો અટૂલો અને નિઃસહાય અનુભવે છે. આ દબાવ એના મન પર એવો ઓથાર થઈ ગયો છે કે તે પાગલપણાનો કે આત્મહત્યાનો શિકાર થઈ જાય છે.

ચોથી નબળાઈ. આ નવી સભ્યતાનો પાયો **હિંસા** છે. ગરીબો, દલિતોનું થતું શોષણ એ તો હિંસા ખરી જ, પણ શસ્ત્ર ઉત્પાદનને એક મોટો ધંધો બનાવી દુનિયાના કોઈક ને કોઈક ખૂણે નાનીમોટી લડાઈઓ સતત ચાલતી રહે તેવી પેરવીઓ કહેવાતી મોટી સત્તાઓ સતત કર્યા કરે છે. દેશ, કોમ, ધર્મના ઓઠા નીચે આ બધું ચાલે છે. નવાઈની વાત તો એ છે કે તે વાતો તો નિઃશસ્ત્રીકરણ, અણુબંધી અને વિશ્વશાંતિની કરે છે. અને ભારત-પાકિસ્તાન જેવાં ગરીબ રાષ્ટ્રોને અંદર અંદર ઝઘડતાં રાખી તેમના બજેટનો સિંહભાગ શસ્ત્રસામગ્રીના ખર્ચ પેટે પોતે ઓહિયાં કરી જાય છે. પણ આ ચાલ વિકાસશીલ રાષ્ટ્રો સમજી શકતાં નથી.

મોટી મોટી લોનો આપીને એમને દેવાદાર બનાવવાં, પોતાની મલ્ટિનૅશનલ કંપનીઓને માટે ત્યાં થાણાં ઊભાં કરી એમની સમૃદ્ધિ અને બુદ્ધિધન પોતાને ત્યાં ખેંચી લાવવું, પોતાના પ્રદૂષણકારક ઉદ્યોગો પણ એ જ દેશમાં નાખી, પોતાનું પર્યાવરણ સ્વચ્છ રાખવું. આવી આવી છે

મૂડીવાદી – લોકશાહી દેશોની રાજરમતો.

સામ્યવાદનાં વળતાં પાણી થયા પછી આજે તો દુનિયા આખીમાં આવા મૂડીવાદી – લોકશાહી દેશોએ દુનિયાના વિકાસશીલ અને ગરીબ દેશોને આર્થિક ગુલામ બનાવી પોતાનું સામ્રાજ્ય જમાવી દીધું છે.

આનું આપણા જ દેશમાં આવેલું પરિણામ તપાસીએ તો ચિત્ર કેવું છે ?

ભારતની ૧૦૦ કરોડની વસ્તી પણ દરેક વ્યક્તિને માથે આજે રૂ. ૧૧,૦૦૦.૦૦નું દેવું છે. એ દેવું એટલી ઝડપે વધે છે કે નવું જન્મતું દરેક બાળક પણ જન્મતાં જ રૂ. ૧૧,૦૦૦.૦૦નું દેવાદાર હોય છે. આ દેવાનો ડુંગર એટલો મોટો થઈ ગયો છે કે તેનું વ્યાજ ભરવા પણ પાછું આપણે દેવું જ કરવું પડે છે.

આપણે સ્વરાજ્ય પછીનાં ૫૪ વર્ષમાં નવ પંચવર્ષીય યોજનાઓ આવાં દેવાં કરીને ચલાવી, જેમાં અરબો-ખરબો રૂપિયા ખર્ચ્યા પછી પણ આપણે ક્યાં ?

તો ચિત્ર આવું છે.

– ૪૦ % લોકો ગરીબીરેખા નીચે જીવે છે.

– ૫૦ % વસ્તી નિરક્ષર છે.

– બહેનો તો ૭૦ %.

– લાખો ગામડાંમાં પીવાના પાણી માટે પણ જોગવાઈ નથી.

– આ કેવું ? જેમ વિકાસ થતો જાય તેમ અસમાનતા વધતી જાય, બેકારી ને ગરીબી વધતી જાય, પૈસાદાર વધુ પૈસાદાર થતો જાય અને ગરીબ વધુ ગરીબ. જો સ્વરાજ્યમાં અદના મતદારોને અન્ન, વસ્ત્ર, આવાસ, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની પાંચ જરૂરિયાતો પણ ન મળી શકતી હોય તો એવી મૂડીવાદી – લોકશાહી આપણા શા ખપની ?

## સર્વોદય

માનવજાતના ઈતિહાસને તપાસીએ તો રાજાશાહી, સરમુખત્યારશાહી, સામ્યવાદ કે મૂડીવાદ કોઈએ છેલ્લા માણસનો પહેલો વિચાર નથી કર્યો. ઈતિહાસમાં એક જ પુરુષ એવો થયો કે જેણે ઈસુના વચન મુજબ Unto the Lastનો- છેલ્લા માણસનો પહેલો વિચાર કર્યો હોય અને તે છે મહાત્મા ગાંધીજી. ગાંધીજીની વિશેષતા એ હતી કે તેમને ગરીબ માટે જરૂર પ્રેમ હતો. પણ અમીર માટે લગીરે દ્વેષ નહોતો. તે માનતા કે ગરીબી એ એક રોગ છે.

તો અમીરી પણ એવો જ બીજો રોગ છે. એટલે એ તો સર્વનો ઉદય – 'સર્વોદય'ની વાત કરતા.

ગાંધીજીના સમગ્ર દર્શનને જો એક શબ્દમાં સમજાવવું હોય તો તે શબ્દ છે – 'સર્વોદય'. એમના સર્વોદયમાં કેન્દ્ર સ્થાને છે, – મનુષ્ય; અદનો માનવી, કૉમન મૅન. પણ એમની 'સર્વ'ની વ્યાપ્તિ ઘણી વિશાળ છે. એકલો માણસ નહીં પશુ, પંખી, વનસ્પતિ... સમગ્ર સજીવ, અરે નિર્જીવ કે જેમાં સુષુપ્ત ચેતના છે, આ બધાંનો પણ ઉદય. એવી બૃહદ્ ભાવના ગાંધીજીના 'સર્વોદય'ની છે.

**સ્વશાસન, સ્વાવલંબન અને સત્યાગ્રહ** વામનનાં આ ત્રણ પગલાંમાં 'સર્વોદય'ને સમાવી શકાય.

ઇતિહાસમાં ક્યાંયે સત્તાપલટો હિંસા વિના થયો જાણ્યો નથી, એકમાત્ર અપવાદ ભારત. ગાંધીજીના પ્રતાપે અહિંસાને માર્ગે ભારતને સ્વરાજ્ય મળ્યું. ક્રાંતિના ઇતિહાસમાં આ પહેલી ક્રાંતિ હતી કે જેમાં લોહીનું ટીપું પાડ્યા વિના, તે કાળની મહાન સલ્તનત બ્રિટિશ સામ્રાજ્યને તેમણે વિદાય આપી હતી.

પરંતુ ગાંધીજી હિંદને મળેલા સ્વરાજને 'સ્વરાજ્ય' તરીકે સ્વીકારતા ન હતા. એ તો કહેતા આ તો સત્તાપલટો થયો. ગોરા ગયા કાળા બેઠા. તે કાંઈ સ્વરાજ્ય ન કહેવાય. સ્વરાજ્ય તો હજુ આપણે લાવવાનું બાકી છે. હા, સ્વરાજ્ય લાવવાની એક તક ઊભી થઈ એમ કહેવાય.

ગાંધીજીને મન તો હિંદ સ્વરાજ એટલે ગ્રામસ્વરાજ. હિંદનો સાત લાખ ગામડાંનો મહાસંઘ તે ભારત; ભારતસંઘ. દરેક ગામ રિપબ્લિક – સ્વાયત્ત, સાર્વભોમ. દરેક ગામની ગ્રામસભા એ ગ્રામસંસદ – વિલેજ પાર્લમેન્ટ. પંચાયત એની મિનિસ્ટ્રી – એક્ઝિક્યુટિવ અને ગામનો ન્યાય ગામમાં જ થાય એવી એની કોર્ટ તે ન્યાયપંચાયત.

આમ ગામનો વહીવટ ગામ કરે ત્યારે ગ્રામસ્વરાજ્ય થયું એમ કહેવાય. આવું **'સ્વશાસન'** એટલે રાજનૈતિક સ્વરાજ્ય.

પણ આર્થિક આઝાદી વિના રાજકીય આઝાદી અધૂરી છે. કાચો માલ ગામડાંમાં પેદા થાય, એ બધો શહેરોમાં જાય, ત્યાંથી પાકો થઈ પાછો ગામડાંમાં વેચાવા આવે. આમ કરવાથી ગામના કારીગર અને મજૂરો બેકાર

અને, ગરીબ રહે, ભૂખે મરે. એટલે ગાંધીજીએ સમજાવેલા સ્વદેશી ધર્મ મુજબ **સ્વાવલંબન**, સાચું કહીએ તો પરસ્પરાવલંબનમાં 'આર્થિક સ્વરાજ્ય' સમાયેલું છે.

૫૪ વર્ષ પછી પણ આપણી સરકારે 'સૌને કામ' Right to work કામનો મૂળભૂત અધિકાર રૂપે સ્વીકાર કર્યો નથી. જ્યારે ગાંધીજીનો ખાદીગ્રામોદ્યોગ અને ગૃહઉદ્યોગ ગામેગામ દરેકને કામ આપવાની બાંયધરી આપી શકે તેમ છે. વ્યાપક રીતે સૌને, પ્રદૂષણ કર્યા વિના રોજગારી આપવાની ક્ષમતા ગાંધીજીના આ 'આર્થિક વિકેન્દ્રીકરણ'ના કાર્યક્રમ વિના બીજા કોની પાસે છે ? સર્વોદયનું ત્રીજું અંગ, **સત્યાગ્રહ**. માનવજાતને ગાંધીજીએ આપેલી આ એક મહામૂલી દેણ છે. આજ લગી પોતાને થતા અન્યાય સામે લોકો શસ્ત્ર ઉપાડી લડતા રહ્યા છે. પણ એવી ખૂનામરકીથી ક્યારેય ન્યાય મળ્યો જાણ્યો નથી. પરાસ્ત થનાર લાગ આવતાં ફરી હલ્લો કરે છે અને એમ હિંસાનું વિષચક્ર ચાલ્યા કરે છે. આનો જવાબ છે, સત્યાગ્રહ.

બીજાને મારવાને બદલે પોતાને અથવા પોતાના સમૂહને થતા અન્યાય માટે, સ્વેચ્છાએ કષ્ટ સહન કરી, અને અસહકાર કરવાનો માર્ગ ગાંધીજીએ શોધ્યો. દક્ષિણ આફ્રિકામાં આમાં એમને સફળતા મળી. હિંદમાં પણ ખેડૂતો, મજૂરોને થતા અન્યાયના નિવારણ માટે તેમણે તેનો ઉપયોગ કરી સફળતા અપાવી અને છેલ્લે હિંદની આઝાદી અપાવવા જેવું મહાભારત કામ પણ તેમણે તેમના અહિંસક સત્યાગ્રહ દ્વારા જ સિદ્ધ કરી આપ્યું.

લોકશાહીમાં નિ:શસ્ત્ર નાગરિક કે સમૂહને થતા અન્યાયના નિવારણ માટે ગાંધીજીના 'સત્યાગ્રહ' સિવાય છે કોઈ વ્યવહારુ ઉપાય ?

આતંકવાદીઓ, ઉગ્રવાદીઓ, માઓવાદીઓ, નકસલવાદીઓએ સ્વરાજ્યનાં ૫૪ વર્ષમાં હિંસાનો કાળો કેર વર્તાવી કેટલા અન્યાય પીડિતોને ન્યાય અપાવ્યો એ તપાસવા જેવું છે. ત્યારે ખેડૂતો, મજૂરો, દલિતો, આદિવાસીઓ અને મહિલાઓએ શાંતિમય માર્ગે આંદોલન કરી ઘણી મોટી સફળતા હાંસલ કર્યાના ઢગલાબંધ દાખલા મોજૂદ છે.

### ગ્રામસ્વરાજ્ય

ગાંધીજીના આ સર્વોદયદર્શનને ભારતના સંદર્ભમાં સાકાર કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો સંત વિનોબાજીએ. તેમના ભૂદાન–ગ્રામદાન આંદોલન મારફતે

તેમણે દેશ આખામાં કરુણાની ગંગા વહેવડાવી લાખો એકર જમીન પ્રાપ્ત કરી, જેમાંથી ૧૨ લાખ એકર જમીન ભૂમિહીનોમાં વહેંચાઈ.

જેમ અહિંસાને માર્ગે આઝાદી મેળવવાનો ગાંધીજીનો દાખલો ઇતિહાસમાં અજોડ છે એવો જ કરુણાને માર્ગે આટલા મોટા પાયા ઉપર લાખો એકર જમીન પ્રાપ્ત કરવાનો પણ ઇતિહાસમાં આ અજોડ દાખલો છે. પશ્ચિમના વિચારકોએ આને પૂર્વમાંથી આવતા એક મોટા સર્જનાત્મક વિચાર Most Creative Thought તરીકે આવકારેલો. કોઈના ઉપર દયા લાવી, બટકું રોટલો કે પાઈ પૈસો એના ભાગ્ગી ફેંકવો એમ નહીં પણ વિનોબાજીએ તો દાનનો શંકરાચાર્ય પ્રણીત એક નવો જ અર્થ આપ્યો. दानम् संविभागः। દાન શા માટે ? તો સમાજમાં સંપત્તિની સરખી વહેંચણી થાય એ માટે. સમાનતાની દિશામાં આગળ વધવા માટેનું આ એક કદમ. વિનોબાજીએ ગાંધીજીના 'સર્વોદયદર્શન'ને સાકાર કરવા માટે 'ગ્રામસ્વરાજ્ય'ની શાસ્ત્રીય વિભાવના આપી. તેની સાથે ભૂદાનમૂલક, ગ્રામોદ્યોગપ્રધાન, અહિંસક સમાજના નિર્માણની એક બ્લૂપ્રિન્ટ પણ આપી.

માનવજાતનું બાળપણ હજુ ક્યાં પૂરું થયું છે ? હજુ તો એ ભાંખોડીએ ચાલતું બાળક છે. એણે માંડ હજુ એક જ ડગલું ભર્યું છે. એ પંડથી ઉપર ઊઠી 'પરિવાર' સુધી પહોંચી અટકી ગયો છે. હા, કોઈક અપવાદરૂપ વ્યક્તિઓ જ્ઞાતિ કે રાષ્ટ્ર સુધી પહોંચી શકી છે ખરી પણ આખી માનવજાત હજુ 'પરિવાર'ના કોચલામાં જ તો પુરાઈ રહી છે.

ત્યારે વિનોબા એક ઋષિ આવ્યા. તેમણે કહ્યું, 'ગામને કુટુંબ કરી જાણજો'. 'ગામ એક પરિવાર'. આપણા ઋષિમુનિઓએ તો સૌથી છેલ્લી ટોચ બતાવી દીધેલી. वसुधैव कुटुम्बकम् પણ આપણું હજુ એ ગજું નથી.

આપણે તો ગાંધીજીના કથન મુજબ 'મારે એક ડગલું બસ થાય'. ડગલે ડગલે ચાલીને વિનોબાજીએ ભારતવર્ષની ત્રણ વાર યાત્રા કરેલી ને !

આપણે જે ભૂમિકા ઉપર ઊભા છીએ ત્યાંથી વિનોબાએ આપણને એક ડગલું આગળ ચલાવ્યા. એ ડગલું એટલે **'ગ્રામપરિવાર'**. ગ્રામસ્વરાજ્યનો મર્મ છે ગ્રામપરિવાર. નાત-જાત, કોમ-ધર્મ કે ઊંચ-નીચના કશા જ ભેદભાવ વિના ગામમાં રહેતો દરેક 'પરિવાર' ભેગો મળી 'ગ્રામપરિવાર' બને એનું નામ **'ગ્રામસભા'**.

'ગ્રામસભા' એટલે ગામની મા. ગામમાં કોઈ ભૂખ્યું તો નથી ને ? રોજી વિનાનું તો નથી ને ? ઘર વિનાનું તો નથી ને ? માંદું તો નથી ને ? અનાથ તો નથી ને ? આ બધી ચિંતા ગ્રામમાતા-ગ્રામસભા કરે.

આ માટે વિનોબાજીએ ગ્રામસભાની સામે સપ્ત સ્વાવલંબનનો કાર્યક્રમ મૂક્યો છે. ગ્રામસભા દ્વારા ગ્રામપરિવાર મળીને સાત બાબતોમાં સ્વાવલંબી થવાનો સંકલ્પ કરે. ૧. અન્ન ૨. વસ્ત્ર ૩. આવાસ ૪. આરોગ્ય ૫. શિક્ષણ ૬. રક્ષણ ૭. ન્યાય.

જો આમ ગામ આ સાત વાતે સ્વાવલંબી થાય તો કોઈ વ્યક્તિ ન બેકાર રહે, ન ભૂખી રહે. ગામના દરેક પુખ્ત મતદારને 'ગ્રામસભા' પાસે કામ માગવાનો અધિકાર છે. Right to work. કોઈ ખેરાત કરવાની જરૂર નથી. સબસિડી આપવાની જરૂર નથી. જરૂર છે દરેકને કામ આપવાની. જેથી દરેક જણ પોતાની મહેનતથી, ઈમાનની રોટી રળી શકે અને ઇજ્જતની જિંદગી જીવી શકે. મૂડીવાદી વેલફેર સ્ટેજ જે કેન્દ્રીકરણના પાયા ઉપર ઊભું છે તેની એ શક્તિ નથી કે તે દરેકને કામ આપી શકે. જે કામ સસલો ન કરી શકે તે કામ કાચબો કરી શકે. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર અનુદાન આપી શકશે, સબસિડી આપી શકશે પણ સૌને કામ નહીં આપી શકે.

આવું મહાભારત કામ જો કોઈ કરી શકે તો તે ગ્રામસભા, ગામલોકોના સહકારથી કરી શકે.

સ્વરાજ્યની લડત વખતે ગાંધીજીએ 'અઢારવિધ રચનાત્મક કાર્યક્રમો' આપ્યા હતા. એ જ રીતે ગ્રામસ્વરાજ્યને સાકાર કરવા વિનોબાજીએ આ સપ્ત સ્વાવલંબનનો કાર્યક્રમ આપ્યો છે.

આ કાર્યક્રમના અમલની પૂર્વતૈયારી માટે વિનોબાજીએ 'પંચવિધ યોજના' પણ આપી છે.

૧. ગ્રામસભા ૨. ગ્રામકોષ ૩. પોલીસમુક્તિ ૪. અદાલતમુક્તિ ૫. વ્યસનમુક્તિ.

સ્વરાજ્યનો અર્થ છે આપણા ઉપર આપણું રાજ્ય. લોકશાહીમાં પણ આપણે સરકાર આધારિત જીવન જીવીએ છીએ. સરકારનું મોં તાકી બેસી રહેવાનું. એ આપે તો ખાવાનું નહીંતર ભૂખે મરવાનું. બહુ તો સરકારમાં ફરિયાદ કરવાનું, પણ બહેરી લોકશાહી સાંભળે તો ને! શું વિલંબ અને ભ્રષ્ટાચારથી આમઆદમી ગળે નથી આવી ગયો ?



Acc. No. 130516

ત્યારે વિનોબાજીએ શાસનનિરપેક્ષ રીતે, આપણા ગામમાં આપણું રાજ – **'ગ્રામસ્વરાજ'** કેવી રીતે સર્જી શકાય તેની આવી એક વ્યવહારુ અને છતાં ક્રાંતિકારી યોજના આપી છે. જરૂર છે એને સાકાર કરવા મથનાર સમર્પિત સમાજસેવકોની, નવીન યુવાપેઢીની.

## સંપૂર્ણ ક્રાન્તિ

આ માટે તો જયપ્રકાશજીએ યુવાપેઢી સામે **'સંપૂર્ણ ક્રાન્તિ'**નું એક સ્વપ્નું ખડું કર્યું છે. જે. પી. એમની યુવાનીમાં માર્ક્સવાદી હતા. પણ રશિયાના સ્ટાલિને માનવીય સ્વતંત્રતાનું જે રીતે હનન કર્યું એ જોતાં એમનો સામ્યવાદ ઉપરનો વિશ્વાસ ઊઠી ગયો. ભારતના આઝાદી સંગ્રામ વખતે એ યુવાનોના પ્રેરણામૂર્તિ હતા. તેમણે સ્વરાજ્ય આવતાં શાસન મારફતે સમાજવાદ લવાશે એવી આશા સેવેલી. પણ સ્વરાજ્યનાં ચાળીસ વર્ષમાં એમને સમજાઈ ગયું કે આ આશા પણ ઠગારી છે ત્યારે તેઓ વિનોબા પાસે પહોંચ્યા. અહીં તેમને પ્રકાશ લાધ્યો અને તેમણે ભૂદાન – ગ્રામદાનના કામ માટે 'જીવનદાન' કર્યું.

જે. પી.ની જીવનભરની ઝંખના હતી – માનવમુક્તિની. ગાંધીજીના 'સર્વોદય' વાટે એ સિદ્ધ થઈ શકશે એવી શ્રદ્ધા એમને બેઠી. એ માટેનો વિનોબાજીનો 'ગ્રામસ્વરાજ'નો કાર્યક્રમ એમને બરાબર લાગ્યો. એટલે જી-જાનથી એમાં લાગી ગયા.

પણ જે. પી.એ જોયું કે આર્થિક, સામાજિકની સાથે સાથે જ રાજનૈતિક પરિવર્તન ન આવે તો સર્વોદય કે ગ્રામસ્વરાજ કશું જ સાકાર ન થઈ શકે. બીજું એમણે એ જોયું કે લોકશાહીમાં કેવળ મતનો અધિકાર પૂરતો નથી. ચૂંટાયેલી સરકાર ઉપર પ્રજાનો અંકુશ ન રહે તો લોકશાહીને નામે સરમુખત્યારશાહી ચડી બેસે. આવું એમને ઇન્દિરાજીના શાસન વખતે દેખાયું હતું. તેથી તેમણે તે વેળા 'બિહાર આંદોલન' ચલાવી જનતાને જાગ્રત અને સંગઠિત કરી, સરકારને એકાધિકારવાદી બનતાં રોકી હતી. આમ કરીને તેમણે People's intervention – સરકારમાં લોકોની દખલગીરી – ખરેખર તો એને લોકોની ભાગીદારી કહેવી જોઈએ – એવો એક નવો વિચાર લોકશાહીમાં સ્થાપિત કર્યો. આમ રાજકારણને પ્રજાકારણ બનાવવાનું શ્રેય જો કોઈને જતું હોય તો તે જે. પી.ને જાય છે. તેમને લોકશાહીના રક્ષણ માટે એક Extra parliamental forceની જરૂર વર્તાઈ હતી. આ માટે મતદારો પોતાનાં

'મતદારમંડળો' રચે, એવો એમનો સુઝાવ હતો. આ મતદારમંડળ પોતાના ચૂંટેલા પ્રતિનિધિઓ જે તાલુકા કક્ષાથી કેન્દ્ર કક્ષા સુધીના હોય તેમની પાસેથી તેમનાં કામોનો હિસાબ માગી શકે. એટલું જ નહીં જો પોતાનો કોઈ પ્રતિનિધિ બરાબર કામ ન કરતો હોય, ભ્રષ્ટાચારી હોય કે લોકોને રંજાડતો હોય તો મતદારમંડળ તેને પાછો બોલાવી શકે. Right to recallનો આ અધિકાર બંધારણીય રીતે પ્રાપ્ત થવો જોઈએ એવી એમની આકાંક્ષા હતી.

આજે તો આ સ્વપ્નું દૂર છે. પણ ભવિષ્યનો ઇતિહાસ એની જરૂર નોંધ લેશે કે પોલિટિકલ ઇન્ટરવેન્શન એ પ્રજાનો પોતાનો અધિકાર છે. આ મૂલ્યને જે. પી.એ ઉજાગર કર્યું હતું.

ગાંધીજીના 'સર્વોદય'ને સાકાર કરવા જેમ વિનોબાજીએ 'ગ્રામસ્વરાજ'નો વિચાર આપ્યો તેમ આ વિચારને મૂર્ત કરવા જે. પી.એ સંપૂર્ણ ક્રાન્તિની એક બ્લૂપ્રિન્ટ આપી.

સંપૂર્ણ ક્રાન્તિ કેવળ રાજનીતિ પૂરતી સીમિત નથી. પણ સમાજને સ્પર્શતાં તમામ ક્ષેત્રોમાં પરિવર્તન લાવવા માટેનો નક્કર પ્રયત્ન છે.

જીવનને સ્પર્શતાં સાત ક્ષેત્રો : ૧. આર્થિક ૨. સામાજિક ૩. રાજનૈતિક ૪. શૈક્ષણિક ૫. સાંસ્કૃતિક ૬. ધાર્મિક (નૈતિક) ૭. આરોગ્યને આવરી લે તે સંપૂર્ણ ક્રાન્તિ.

જીવન એકાંગી નથી સમગ્ર છે. એટલે કોઈ એક ક્ષેત્રમાં પરિવર્તન આવે અને બીજામાં ન આવે તો એથી અવ્યવસ્થા ઊભી થાય.

સંપૂર્ણ ક્રાન્તિ કોઈ વર્ગવિશેષ માટે નહીં પણ સમગ્ર સમાજ માટે છે. હા, એના અગ્રદૂત હશે, યુવાપેઢી. માત્ર યુવાનો નહીં, યુવતીઓ પણ ખરી.

સંપૂર્ણ ક્રાન્તિ એટલે 'માનવીય ક્રાંતિ'. એના કેન્દ્રમાં હશે 'માણસ', નિરુપાધિક માણસ, કૉમન મૅન, સામાન્ય માનવી. આ ક્રાંતિમાં માલિક-મજૂર, અમીર-ગરીબ, શ્રમજીવી-બુદ્ધિજીવી, ભણેલા-અભણ, ઊંચ-નીચ, કોમ-ધર્મ, સ્ત્રી-પુરુષ... એવા કોઈ ભેદનો સ્વીકાર નથી. સમગ્ર માનવજાતના ઉત્થાનને માટે તે મથશે. કોઈ વર્ગવિશેષના જ અભ્યુદય માટે નહીં. જે સંપન્ન છે તે વિપન્નને માટે સ્વાભાવિક રીતે મદદરૂપ થશે.

માણસે વિકસવાનું છે પણ તે પ્રકૃતિ સાથે સંવાદ સાધીને, તેનું શોષણ કરીને નહીં, પ્રદૂષણ સર્જીને નહીં. સંપૂર્ણ ક્રાન્તિની આ એક ખાસ પહેચાન હશે.

આ ભૂમિકા ઉપર સંપૂર્ણ ક્રાન્તિ સાતે ક્ષેત્રોમાં કેવાં પરિવર્તન લાવવા માગે છે તેને સમજવા કોશિશ કરીએ.

**૧. આર્થિક**

માણસમાત્રનો પહેલો પ્રશ્ન 'પેટ' છે. ભૂખે ભજન ન હોય ગોપાલા. ભર્યા પેટવાળા, પ્રણયઘેલા યુવાનને 'પૂર્ણચંદ્ર' એની પ્રિયતમાના મુખારવિંદ જેવો લાગશે. પણ કોઈ ભૂખ્યા જનને પૂછીશું કે ભાઈ, આ ચંદ્ર કેવો લાગે છે? તો એ શું કહેશે? કહેશે મને એ 'રોટલા' જેવો લાગે છે. કોઈ પાણ દેશ, પ્રજા કે વિચારધારાને પહેલો પ્રશ્ન ઉકેલવો પડે એવો હોય તો તે છે આર્થિક પ્રશ્ન.

સામ્યવાદ અને મૂડીવાદ બંનેની વિચારધારા ભલે જુદી હોય પાણ એ બંનેએ આ પ્રશ્ન ઉકેલવાની રીત તો એક જ પકડી અને તે કેન્દ્રીકરાણ. એટલે કે યાંત્રીકરણ અને શહેરીકરણ. છેલ્લાં સો વર્ષમાં આ બંનેએ આર્થિક પ્રશ્ન ઉકેલવા માટે જે રીત અખત્યાર કરી તેનાં શાં પરિણામ આવ્યાં છે?

આ બંનેએ ઉત્પાદનના ગંજ ખડકી દીધા છે. લાખો ચીજો રંગબેરંગી સજાવટ સાથે બજારમાં ખડકી દીધી છે. કોને માટે? જેના ગજવામાં પૈસો છે તેના માટે. પણ આપણા દેશમાં ૪૦ % લોકો એવા છે કે જેમની પાસે કામ નથી, બેકાર છે. એટલે આર્થિક ભાષામાં કહીએ તો એમની પાસે ખરીદશક્તિ નથી. તેથી તે મોજશોખનું તો શું ખરીદે, પાણ અન્ન, વસ્ત્ર અને આવાસ પાણ મેળવી શકતા નથી.

એટલે કેન્દ્રિત ઉત્પાદનની આ મર્યાદા છે કે તે સૌને ખરીદશક્તિ આપી શકતું નથી, સૌનું પેટ ભરી શકતું નથી એટલું જ નહીં પાણ એની ઉત્પાદન પ્રક્રિયા એવી છે કે તેમાં એ પ્રાકૃતિક સંપદાનું એવી રીતે શોષાણ કરે છે કે કુદરતમાં અસમતુલા ઊભી થાય છે. ઈકોલૉજી તૂટે છે. અને હવા, પાણી, ધરતી બધાંમાં પ્રદૂષણ ફેલાય છે. એણે અપનાવેલ શહેરીકરાણને કારાણે શહેરની ૫૦ % વસ્તી સ્લમ્સના નર્કાગારમાં જીવે છે, જે બેકારીને લઈ ગુનાખોરી, વ્યસન અને ચેપી રોગના ભોગ બને છે.

આ પ્રશ્નનો ઉકેલ ગાંધી સિવાય કોઈની પાસે નથી. કેન્દ્રીકરાણ નહીં પાણ વિકેન્દ્રીકરણ એ જ એનો જવાબ છે. જ્યાં કાચો માલ પાકે તે જ પ્રદેશમાં નાનાં યંત્રોની મદદથી એનું પાકા માલમાં રૂપાંતર કરવું આ છે એનો જવાબ. આમ થાય તો બેકારી ટળે અને પ્રદૂષણ મટે અને શહેરીકરાણને કારાણે થતાં

અનિષ્ટોમાંથી પણ ઊગરી શકાય. એટલે સંપૂર્ણ ક્રાન્તિ આર્થિક ક્ષેત્રે વિકેન્દ્રીકરણની હિમાયત કરે છે. મુઠ્ઠીભર માણસોને સ્વર્ગની સાહેબી આપી બાકીના સમાજને ભૂખમરાની જિંદગી જીવવાની ફરજ પાડનાર અર્થવ્યવસ્થા એ લોકશાહીને અનુકૂળ ન કહેવાય. એટલે સૌને કામ આપવાની ખાતરી આપનાર વિકેન્દ્રિત અર્થવ્યવસ્થા એ સંપૂર્ણ ક્રાન્તિની આર્થિક વ્યૂહરચના છે. આર્થિક સમાનતા અંગે સંપૂર્ણ ક્રાન્તિનું લક્ષ છે – 'પાંચ આંગળાંની સમાનતા'. આવકભેદ ૧:૫નો હોય ત્યાં સુધી બરાબર. જ્યારે મૂડીવાદમાં આવકની કોઈ મર્યાદા નથી. મજૂરને પેટિયું આપી પછી તમારે કમાવું હોય એટલું કમાવ. પણ આર્થિક અસમાનતાએ સર્જેલા ગરીબ-અમીરના ભેદ સામાજિક અસ્થિરતા પણ ઊભી કરતા હોય છે. આ મુદ્દો નજરઅંદાજ ન થવો જોઈએ.

**૨. સામાજિક**

દરેક યુગની એક આકાંક્ષા હોય છે. વીસમી સદીની આકાંક્ષા હતી સ્વતંત્રતા. એકવીસમી સદીની આકાંક્ષા છે 'સમાનતા'. આજના યુગનું વ્યક્તિત્વ પોતે બીજા કરતાં હીન છે, નીચ છે, ઊતરતો છે એ સ્વીકારવા તૈયાર નથી. બ્રાહ્મણ ઊંચો અને હરિજન નીચો, બુદ્ધિજીવી મોટો અને શ્રમજીવી નાનો, પુરુષ કરતાં સ્ત્રી હીન... આવા ભેદ એને હરગિજ સ્વીકાર્ય નથી.

આર્થિક સમાનતા આવતાં થોડી વાર લાગશે તો તે વેઠાશે પણ સામાજિક સમાનતા આજ, આજ ને આજે જ જોઈએ. એમાં થતો વિલંબ હરગિજ સહ્ય નથી.

પણ વાસ્તવિકતા બિહામણી છે. પછાતવર્ગ ઉપર ઉજળિયાતોનું વર્ચસ્વ, હરિજનો – દલિતો પ્રત્યેનો સવર્ણોનો અમાનુષી વ્યવહાર અને સ્ત્રીજાતિ પર પુરુષપ્રધાન સમાજ તરફથી થતા અત્યાચાર... આ બધું આજે પણ યથાવત્ છે. સંપૂર્ણ ક્રાન્તિ તમામ પ્રકારની સામાજિક અસમાનતા નાબૂદ કરવા માંગે છે. આ માટે લોકજાગૃતિ અને જરૂર પડ્યે સંઘર્ષ એ એની રણનીતિ હશે. આ માટે યુવક સંગઠન, મહિલા સંગઠન, શ્રમજીવી સંગઠન ખડાં થશે. જે પોતાને થતા સામાજિક અન્યાય માટે સંઘર્ષ કરશે.

આ કામમાં સરકારના ચાલુ કાયદા અમલમાં આવે તે માટે પણ પ્રયત્ન થશે. અને આને માટે જરૂરી નવા કાયદા માટે લોકમત કેળવવામાં આવશે.

### ૩. રાજનૈતિક

લોકશાહી વ્યવસ્થામાં રાજકારણની આભડછેટ ન રાખી શકાય. સંપૂર્ણ ક્રાન્તિ રાજકારણનું આખું કલેવર બદલી નાખવા માગે છે. સંપૂર્ણ ક્રાન્તિને મન રાજકારણ એટલે પ્રજાકારણ. પોતાની રાજ્યવ્યવસ્થા કેવી હોય તે નક્કી કરવાનો પ્રજાને હક્ક છે.

આર્થિક વિકેન્દ્રીકરણની જેમ સંપૂર્ણ ક્રાન્તિ સત્તાના વિકેન્દ્રીકરણમાં માને છે. સત્તાનો અસલ સ્રોત જનતા છે, લોકો છે. જેનું પાયાનું ઘટક છે ગામ, શહેરમાં પોળો કે સોસાયટી. આ ઘટકના મતદારો 'ગ્રામસભા'રૂપે સંગઠિત થઈ પોતાનું સ્વશાસન પોતે કરે. આ ચર્ચા આગળ 'ગ્રામસ્વરાજ' વિભાગમાં કરી છે.

ટૂંકમાં સંપૂર્ણ ક્રાન્તિનો રાજનૈતિક આધાર છે સ્વશાસન. **'અપને ગાઁવમેં અપના રાજ, ગામેગામ ગ્રામસ્વરાજ્ય'** આ એનો નારો છે. ગ્રામસભાને વૈધાનિક માન્યતા મળે તે માટે પણ લોકમત ઊભો કરવો જોઈશે.

ગામેગામની ગ્રામસભાના પ્રતિનિધિઓનું એક મતદારમંડળ બનશે. જે તાલુકા, જિલ્લા, રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ ચૂંટાયેલા પ્રતિનિધિઓનું નિયંત્રણ કરશે. તેમના કામનો હિસાબ માગશે. જો તે ભ્રષ્ટાચારી હશે કે પોતાની ફરજો બરાબર બજાવતાં નહીં હોય તો મતદારમંડળ પાસે Right to recallનો અધિકાર હશે તેનો તે ઉપયોગ કરશે. અલબત્ત, આ હકનો દુરુપયોગ ન થાય તે માટેની પાકી વ્યવસ્થા પણ કરવામાં આવશે.

સંપૂર્ણ ક્રાન્તિના જનક જે. પી.એ કહેલું કે સત્તા જ્યારે તાનાશાહ થાય ત્યારે તેને 'રુકજાઓ' કહેવાનો પ્રજાનો મૂળભૂત અધિકાર છે. એટલું જ નહીં સત્તા પ્રજાની વાત ન સાંભળે ત્યારે એવી સત્તાને પદચ્યુત કરવાનો પણ તેને અધિકાર છે. આવો અધિકાર સંવૈધાનિક બને તે માટે સંપૂર્ણ ક્રાન્તિ લોકમતનું ઘડતર કરશે.

### ૪. શૈક્ષણિક

ભારત એક પ્રાચીન દેશ છે. તેની આગવી શૈક્ષણિક પરંપરાઓ હતી. ગુરુકુલમાં ગુરુને ઘેર રહી રાજાનો દીકરો કૃષ્ણ અને ગરીબ બ્રાહ્મણ સુદામા સાથે સાથે ભણતા. એકસાથે સૂતા. મધ્યકાલીન યુગમાં પણ ભારતમાં તક્ષશિલા, નાલંદા, વલ્લભી જેવી મોટી મોટી વિદ્યાપીઠો હતી. જેમાં ભણવા પરદેશમાંથી વિદ્યાર્થીઓ આવતા.

ગામેગામ 'ધૂળી નિશાળો' હતી. જેમાં ગામનું દરેક બાળક લખતાં, વાંચતાં અને ગણતાં શીખી લેતું. તે પછી પિતા પાસેથી વ્યવસાય શીખી લઈ બાળક આત્મનિર્ભર બનતું એટલે બેરોજગારીનો પ્રશ્ન જ નહોતો. જીવનને ઉન્નત કરનારું જ્ઞાન માબાપ, વડીલો, સાધુસંતો, સંન્યાસીઓ પાસેથી મળી જતું. આવી એક સુંદર શિક્ષણવ્યવસ્થા ભારત પાસે હતી. પણ અંગ્રેજી રાજ્યે તે તોડી નાખી. પોતાના ખપ પૂરતા 'કાળા અંગ્રેજો' કારકુની કરવા માટે મળે તેવી 'મેકોલે પદ્ધતિ' દાખલ કરી. આ શિક્ષણ લેનારના મનમાં એવી ગ્રંથિ ઊભી કરવામાં આવતી કે ઉત્તમ પ્રજા, ઉત્તમ સંસ્કૃતિ અને ઉત્તમ જીવનપદ્ધતિ તો બસ અંગ્રેજોની જ. ભારતનું બધું નબળું. ખાનપાન, રહેણીકરણી, પોશાકભાષા બધું જ પછાત. ભારતીય અંગ્રેજ બાબુઓ આવી વકીલાત કરી આપણામાં હીનતાની ભાવના ભરતા.

પણ દાદાભાઈ નવરોજી, લોકમાન્ય ટિળક, અને મહાત્મા ગાંધીજી જેવા સ્વતંત્ર બુદ્ધિશક્તિ ધરાવતા ભારતીયોએ અંગ્રેજી કેળવણી લઈને પણ અસ્મિતા જગાડવાનું મોટું કામ કર્યું.

ગાંધીજીએ તો પોતાના પ્રયોગોને આધારે 'નઈ તાલીમ'ના નામે શિક્ષણનું એક નવું જ દર્શન આપ્યું. પણ દુ:ખની વાત છે કે જેમ ૧૫મી ઑગસ્ટે આપણે યુનિયન ફ્લેગ ઉતારી દીધો તેમ અંગ્રેજોએ શરૂ કરેલી 'બાબુ કેળવણી'ને વિદાય ન આપી.

ત્યારે આજે ૫૦ વર્ષે તેનું શું ફળ આવ્યું છે ? અડધી પ્રજા અભણ છે અને જે ભણેલા છે તેમાંથી ઘણા થોડાને નોકરી મળે છે. બાકીના શિક્ષિત બેકારોની મોટી ફોજ ઊભી થઈ છે. કારણ કોઈ કામધંધો તે શીખ્યા નથી. શિક્ષણનો ખરો અર્થ છે સંસ્કાર. એમાં આપણે ક્યાં છીએ ? વ્યસનો, સામાજિક કુરિવાજો, વિલાસી જીવન જેવાં દૂષણોમાં ભારતની નવી પેઢી ફસાઈ ગઈ છે.

સંપૂર્ણ ક્રાન્તિ શિક્ષણમાં પણ ક્રાન્તિ કરવા માગે છે. શિક્ષણનું માધ્યમ પુસ્તક નહીં, 'જીવન'. જીવન દ્વારા જીવનનું શિક્ષણ. આવું 'જીવનશિક્ષણ' એ ખરી કેળવણી.

શાળા, પુસ્તકો અને શિક્ષકો એ તો સમગ્ર કેળવણીનો એક નાનકડો અંશ છે. ગાંધીજીની ભાષામાં તો શિક્ષણની શરૂઆત ગર્ભાધાનથી થાય છે. અને તે

મૃત્યુપર્યંત ચાલે છે. પહેલી શિક્ષક મા અને પહેલી નિશાળ ઘર. આ છે શિક્ષણનો પાયો. બાળપણમાં આ બે મળી જે 'સંસ્કાર' આપશે એના ઉપર બાળકના જીવનની ઇમારત ચણાશે.

એ પછી આવે છે પર્યાવરણ. બાળકની આસપાસ ત્રણ પ્રકારનું પર્યાવરણ છે : ૧. પ્રકૃતિ ૨. સમાજ ૩. ઉદ્યોગ-વ્યવસાય. આપણે તો બાળક પાંચ વર્ષનું થાય એટલે એને નિશાળની ચાર દીવાલોમાં પૂરી, પુસ્તકોની ગોખણપટ્ટી કરાવીએ છીએ. પણ એની આસપાસ આ જે ત્રણ વાતાવરણ છે તેમાંથી શિક્ષણ પામવા કેટલી તક બાળકને આપીએ છીએ ? શિક્ષણ એટલે પર્યાવરણ. બાળકના જીવન સાથે આ ત્રણ પર્યાવરણનો અનુબંધ જોડાય તો એના જ્ઞાન-વિજ્ઞાનની ક્ષિતિજો કેટલી વિસ્તૃત થાય ? ધરતી સાથે સીધો સંબંધ બંધાય, એ પ્રકૃતિને ચાહતો થાય તો પછી તેને પ્રદૂષિત કરે ખરો ?

બાળક સમાજમાં ભળે, એનાં સુખદુઃખ જાણે તો પછી એ અસામાજિક કેવી રીતે થઈ શકે ? એથી ઊલટું, એ પોતાથી જે બની શકે તે સમાજની સેવા કરી છૂટવા તત્પર રહે. કારણ કે પોતાના જીવનમાં સમાજનું કેટલું મોટું ઋણ છે તેથી તે સભાન બન્યો હશે. જો તે હાથપગ ચલાવી, પહેલેથી જ પોતાનાં કામ કરી લેતાં શીખી, સ્વાશ્રયી બન્યો હશે, તો મોટા થતાં પોતાની રુચિનો ઉદ્યોગ કે વ્યવસાય હસ્તગત કરતાં એને વાર લાગશે નહીં.

શિક્ષણ એટલે ચારિત્ર્યઘડતર. ભાષા, ઉદ્યોગ, વિજ્ઞાન કે ટેક્નોલૉજીમાં વિદ્યાર્થી પ્રવીણ થાય પણ જો એ અપ્રામાણિક, અસામાજિક, અસંયમી, ભ્રષ્ટાચારી, ફરજ પ્રત્યે બેપરવા પાકે તો શું રળ્યા ?

એટલે સંપૂર્ણ ક્રાન્તિ પરંપરિત પુસ્તકિયા શિક્ષણને સ્થાને જ્ઞાન-વિજ્ઞાન અને ટેક્નોલૉજીયુક્ત 'સંસ્કારી માણસ' પેદા થાય એવા જીવનશિક્ષણને શૈક્ષણિક ક્રાન્તિનો આદર્શ માને છે.

**૫. સાંસ્કૃતિક**

માણસને અન્ય પ્રાણીઓથી જુદું પાડનાર તત્ત્વ છે, એનામાં રહેલી પાર વિનાની વિવિધ શક્તિઓ. દરેકનાં રસ-રુચિ, વલણ જુદાં જુદાં હોય છે. જેમ એક ક્ષેત્ર જ્ઞાનનું છે, એક ક્ષેત્ર વિજ્ઞાનનું; યંત્રવિજ્ઞાન ટેક્નોલૉજીનું છે, તેમ એક ક્ષેત્ર કલાનું પણ છે. આ કલાના ક્ષેત્રનો આપણે 'સાંસ્કૃતિક' વિભાગમાં સમાવેશ કરીશું. સૌથી મોટી કલા તો 'જીવનકળા'. જીવનકળાનો અર્થ છે એક

સારા માણસ બનવું, અને સૌની સાથે હળીમળીને રહેવું તથા પોતાનાથી બની શકે એટલું બીજા માટે ઘસાવું. આ તો માણસમાત્ર માટે આવશ્યક એવી કળા થઈ. પણ કુદરતે દરેક માણસને જુદી જુદી કલાઓ માટે આગવી સૂઝ આપી છે. દા.ત. સંગીત, વાદ્ય, નાટ્ય, ચિત્ર, શિલ્પ, ઇત્યાદિ. આ બધી લલિતકલાઓ છે. જેના દ્વારા મનુષ્ય પોતાની અંદર સૂતેલી સર્જકતાનો આવિષ્કાર કરી શકે. આ બધી કલાઓ માનવજીવનને સભર બનાવે છે, અર્થપૂર્ણ બનાવે છે. એટલે જે વ્યક્તિઓમાં કુદરતે જે આગવી શક્તિ મૂકી હોય તેને તેણે ખીલવવી જોઈએ.

પણ અહીં એક સાવધાની રાખવી જરૂરી છે. 'કલા ખાતર કલાની ઉપાસના' ક્યારેક ભયાવહ બને છે. 'જીવન માટે કલા' એ સાચી જીવનદૃષ્ટિ છે. આ દૃષ્ટિના અભાવે મોટા મોટા કલાકારોનાં જીવન બરબાદ બની જતાં હોય છે. તે વ્યસનોના ભોગ બને છે. સ્વભાવે તામસી બની જાય છે. વિલાસી જિંદગી જીવી રોગના ભોગ બને છે અને સૌથી મોટું નુકસાન તો તે અસામાજિક બની, પરિવાર વિમુખ બની, એકલતાથી પીડાઈ ક્યારેક આત્મહત્યા પણ કરી બેસતા હોય છે. કલા એ પણ સાધના છે, પણ જો તેની સમગ્રતાના પરિપ્રેક્ષ્યમાં ઉપાસના થાય તો. નહીંતર તે ઘણા મોટા અનર્થો સર્જે છે. એટલે સંપૂર્ણ ક્રાન્તિનો સાંસ્કૃતિક ક્ષેત્ર માટે એવો અભિગમ છે કે મનુષ્યમાં રહેલી સર્જકતાનો એવી રીતે આવિષ્કાર કરવો કે તે વ્યક્તિને તેના સ્વનો સાક્ષાત્કાર કરાવે અને તેની સાથે જ તેની કલા સમાજ અને પ્રકૃતિને પણ લાભાન્વિત કરે.

**૬. ધાર્મિક**

આ ઘણો નાજુક મુદ્દો છે. આજે જ્યારે ધર્મને નામે લોહી રેડાતાં હોય, કોમ કોમ વચ્ચે ધિક્કાર જન્મતો હોય ત્યારે આધુનિક માનવીને લાગે છે કે આ ધર્મને જ પડતો મૂકો ને ?

પણ એમ કરવામાં ઘણી મોટી ભૂલ થશે. બાળક ગંદું થાય તો મા એને કચરાપેટીમાં ફેંકી દેતી નથી. એને ધોઈ, સ્વચ્છ કરી છાતીએ વળગાડે છે. ધર્મમાં જે દોષ ઘૂસી ગયા હોય તેને જરૂર દૂર કરવા. પણ ધર્મને જ ત્યજી દેવાથી માનવજીવન પ્રાણ વિનાનું શબ બની જશે. સંસ્કૃતમાં એક સુભાષિત છે.

आहार निद्रा भय मैथुनम् च सामान्य अेतत् पशुमिः नराणाम् ।
धर्मोहि तेषाम् अधिको विशेषः
धर्मेणहीना पशुमिः नराणाम् ।

પશુથી માનવને જુદી પાડનાર ચીજ તે ધર્મ. આ ધર્મ શું છે ? એની વ્યાખ્યા કરવી અઘરી છે. પણ એક વાત ખરી કે હિંદુ, ઇસ્લામ, ખ્રિસ્ત, પારસી, બૌદ્ધ, જૈન, શીખ... આ બધા ધર્મ નથી, પણ પંથ છે. જેમને પોતપોતાનાં વિધિવિધાન છે, કર્મકાંડ છે, જે ક્યારેક એકબીજાનાં વિરોધી પણ હોય છે. દા.ત. કોઈક મૂર્તિપૂજામાં માને અને કોઈક ન માને. મોટે ભાગે પોતાની સાંપ્રદાયિક માન્યતાઓને લઈ આ કહેવાતા ધર્મો અંદર અંદર ઝઘડતા હોય છે. ઇતિહાસનું એ સત્ય છે કે આવા ધર્મને નામે હજારો વર્ષ લગી કુઝેડઝ – ધર્મયુદ્ધ ચાલ્યાં છે અને બીજા નિમિત્તે નહીં રેડાયું હોય એટલું લોહી આ ધર્મોને નામે રેડાયું છે. આજે પણ રેડાઈ રહ્યું છે. આવા સાંપ્રદાયિક ધર્મો ધર્મઝનૂન જગાડી એમને મન જે વિધર્મી છે, તેને ધિક્કારવા અને મારવા સુધી પહોંચી જાય છે. એટલું જ નહીં એમ કરવું એને એ પોતાનું ધર્મકૃત્ય ગણે છે.

પણ આ વિજ્ઞાનના યુગમાં આવા 'દીન'-ધર્મના દિવસ ભરાઈ ચૂક્યા છે. જેમ બુઝાતો દીવો વધુ ઝગારા મારે એવી એમની હિંસાપ્રવૃત્તિ છે. જે સરવાળે એમની ઘોર ખોદી રહી છે. 'ધર્મ' સંસ્કૃત શબ્દ છે. એનો અર્થ છે धृ – धारयति इति धर्मः।

જે ધારણ કરે તે ધર્મ. શું ધારણ કરે ? જીવનને ધારણ કરે. એનું પોષણ કરે. એટલું જ નહીં એના સત્ત્વની શુદ્ધિ કરી એને ઉજાગર કરે તે ધર્મ.

ભગવાન વ્યાસે ચાર વેદ, અઢાર પુરાણ અને છ શાસ્ત્રો વ્યવસ્થિત કર્યાં એટલે એ 'વ્યાસ' કહેવાયા. એમણે મહાભારત પણ લખ્યું. આ બધાને અંતે એમણે છેલ્લે એક શ્લોક રચ્યો. એમાં શું કહ્યું ?

श्रुयताम् धर्मसर्वस्वम्
आत्मनः प्रतिकुलानि
परेषाम् न समाचरेत् ।

એમણે 'ધર્મસર્વસ્વ' શોધી આપ્યું. શું છે આ ધર્મસર્વસ્વ ? 'પોતાને જે પ્રતિકૂલ, અન્યને નવ આચરો'. કોઈ મને ગાળ દે, મારે, બાળે, લૂંટે એ શું મને

ગમે ? ન જ ગમે ને ? તો મારે એવો વ્યવહાર બીજા સાથે ન કરવો. બસ આ છે. 'ધર્મસર્વસ્વ'.

જેવો મારો આત્મા એવો સહુનો આત્મા. આ આત્મતત્ત્વ માત્ર મનુષ્યમાં જ છે, એમ નથી. એ તો પશુપંખી, વનસ્પતિ બધામાં છે. વિજ્ઞાને પણ સાબિત કર્યું છે કે વનસ્પતિમાં જીવ છે, અરે આપણે જેને જડ કહીએ છીએ તેવા જડમાં પણ આ ચૈતન્ય સુષુપ્ત છે. જે એની અંદરની ઊર્જાને ભેદતાં પ્રગટ થાય છે.

આત્મતત્ત્વ, ચેતનતત્ત્વ એ બધામાં છે ક્યાંક વિકસિત ક્યાંક અલ્પવિકસિત પણ એ છે 'જરૂર'. આનો સ્વીકાર તે ધર્મ. આ ધર્મતત્ત્વને, આત્મતત્ત્વને ન સ્વીકારવાની નિરીશ્વરવાદીઓને પણ છૂટ છે. પછી ધર્મને નામે લડવાની તો વાત જ ક્યાં રહી ?

આજના યુગના પરિપ્રેક્ષ્યમાં કહીએ તો માણસ ભલે પોતાની આસ્થા મુજબના 'પંથ' ધર્મને પાળે એ એની અંગત બાબત છે. આજનો યુગ દરેકના વિચારસ્વાતંત્ર્યનો સ્વીકાર કરે છે. પણ આ યુગે એક નવો ધર્મ ઉજાગર કર્યો છે અને તે છે **માનવતા**. માણસનો ધર્મ માનવતા. જે માણસમાત્રને આસ્તિક-નાસ્તિક સૌને એ જન્મતાં જ લાધે છે. પોતાનો કુળધર્મ હિંદુ-મુસ્લિમ-ઈસાઈ... ઇત્યાદિ તો પછી એને પ્રાપ્ત થાય છે. પણ 'માનવતા' તો એની માણસ તરીકેની પેદાશનું પરિણામ છે. આ છે 'ધર્મસર્વસ્વ'.

જો આટલી વાત બધા જ પંથો કબૂલ રાખે તો પછી ધર્મને નામે ઝઘડવાનું મટી જાય.

વિનોબાજી કહેતા ક્યારેય ધર્મ ધર્મ વચ્ચે ઝઘડો ન હોય. ઝઘડો હંમેશાં ધર્મ અને અધર્મ વચ્ચે હોય છે.

આથી ગાંધીજીએ એક વ્યવહારુ રસ્તો બતાવ્યો તે **'સર્વધર્મસમભાવ'**. બાળપણથી જે પંથને પોતાનો ધર્મ માની સેવ્યો હોય એ એને 'મા' જેવો વહાલો હોય. એટલે એની ટીકા–નિંદા એનાથી સહી ન જાય. આવું જ દરેક પંથના, સંપ્રદાયના અનુયાયીનું હોવાનું એટલે ગાંધીજીએ શીખવ્યું કે જેમ મને મારો ધર્મ વહાલો તેમ બીજાને એનો ધર્મ વહાલો. જેમ મારી માની કે મારા ધર્મની બીજા નિંદા કરે એ મારાથી સહ્યું ન જાય તેમ બીજાનું પણ સમજી સૌએ પોતાના ધર્મનું પાલન કરતાં, બીજા ધર્મો માટે **સમભાવ** સેવવો. જો આ શીખ

જીવનમાં ઉતારીએ તો પછી ક્યારે પણ ધર્મને નામે ઝઘડા ન થાય.

આપણા બંધારણે સૌને પોતપોતાની આસ્થા પ્રમાણે પોતે જેને 'ધર્મ' માને છે તેને પાળવાની સ્વતંત્રતા આપી છે અને રાજ્યે ઠરાવ્યું છે કે તેનું વલણ 'સેક્યુલર' હશે. આ સેક્યુલર શબ્દનો યોગ્ય પર્યાય હજુ આપણી ભાષામાં ઘડાયો નથી. કેટલાક તેને 'ધર્મનિરપેક્ષતા' કે 'બિનસાંપ્રદાયિકતા' કહે છે. પણ 'સેક્યુલર' શબ્દનો પૂરો ભાવ એથી સ્ફુટ થતો નથી. જેમ આપણે ઘણા અંગ્રેજી શબ્દો આપણી ભાષામાં અપનાવી લીધા છે તેવું જ આ 'સેક્યુલર' શબ્દ માટે કરવું ઘટે.

ધર્મ એ દરેક નાગરિકની અંગત આસ્થા છે. રાજ્ય એનો આદર જાળવશે પણ તે ન કોઈના ધર્મને ઉત્તેજન આપશે કે ન તેની અવમાનના કરશે. એટલે કે ધર્મની બાબતમાં રાજ્ય તટસ્થ રહેશે. આવી છે સેક્યુલારિઝમની વિભાવના. પરંતુ દુ:ખની વાત છે કે રાજકીય પક્ષો પોતાની વોટબૅંકો ઊભી કરવા માટે થઈને એક યા બીજા ધર્મસંપ્રદાય પ્રત્યે નિકટતા સેવી તેનું, તુષ્ટિકરણ કરી, બંધારણની સેક્યુલર ભાવનાનો અનાદર કરે છે. જેને લઈને સાંપ્રદાયિક તણાવ ઊભો થાય છે. ભારત માટે આ એક પડકારરૂપ સમસ્યા છે.

સંપૂર્ણ ક્રાન્તિનો અભિગમ એવો છે કે દરેક નાગરિક 'માનવધર્મ'નું પાલન કરતાં કરતાં પોતાની આસ્થા મુજબના ધર્મસંપ્રદાયનું અવલંબન ભલે સ્વીકારે પણ તેની ઉપાસના પોતાનું ઘર અને પોતાના ધર્મસ્થાન પૂરતી સીમિત રહેવી જોઈએ. દરેક માણસ ઘરમાંથી બહાર પગ મૂકે એટલે એ થયો નાગરિક. ત્યારે એણે **નાગરિક ધર્મ**નું પાલન કરવાનું હોય. રસ્તા વચ્ચે ધર્મસ્થાનો ઊભાં કરવાં, ધર્મની શોભાયાત્રાઓ કાઢવી, લાઉડ સ્પીકર વગાડી લોકોને પરેશાન કરવા આ કાંઈ ધર્મ નથી. 'મારે કારણે બીજા કોઈને કશી તકલીફ તો નથી થતી ને' એવો વિચાર કરવો એ દરેક ધર્મનો મર્મ છે. જો આવી સમજ નહીં કેળવીએ અને બીજા ધર્મ પ્રત્યે સમભાવ નહીં રાખીએ તો ભારત જેવા બહુધર્મી દેશમાં આપણે સુખચેનથી નહીં રહી શકીએ. પછી વિકાસની તો વાત જ ક્યાં કરવાની ? એટલે આ મુદ્દા વિશે 'સાચી સમજ' કેળવવાની ખૂબ જરૂર છે.

ધર્મનો એક અર્થ છે ફરજ. મેં જે કામ સ્વીકાર્યું હોય તે પૂરી નિષ્ઠાથી, દિલ દઈને કરવું, તેમાં ક્યાંય ઊણપ ન રહેવા દેવી. આ છે મારો ધર્મ.

ગાંધીજી કહેતા – ધર્મ એટલે નીતિ. નૈતિકતા એટલે ધર્મ. માણસ તેના પંથના બધા આચાર પાળે. પાઠપૂજા, દેવદર્શન, દાનપુણ્ય કરે. પણ એ ધંધામાં ખોટું કરે, કુટુંબ કે પાડોશીઓ સાથે ઝઘડા કરે તો ભલા એવો માણસ ધાર્મિક કેવી રીતે કહેવાય ? નીતિને નેવે મૂકી, બાહ્ય ક્રિયાકાંડમાં રચ્યાપચ્યા રહેવું એ આત્મછલના છે. અને સમાજનો પણ દ્રોહ છે. આવા આડંબર એ હરગિજ ધર્મ નથી. એની કોણ ના પાડશે ? આમ 'ધર્મ' એક બૃહદ્ વિભાવના છે જે તે સંદર્ભમાં એનો 'ધર્મ' એવો થતો અર્થ ઉપયુક્ત હોય છે. એનો સંકુચિત અર્થમાં ઉપયોગ એ અપરાધ છે.

**૭. આરોગ્ય**

એક પ્રજા તરીકે ભારતવાસીઓનું આરોગ્ય ઘણું નબળું છે. આપણી મોટા ભાગની પ્રજા કુપોષણનો શિકાર છે.

આરોગ્ય માટે ચાર વાનાં જોઈએ :

૧. સમ્યક્ આહાર ૨. સમ્યક્ વિહાર ૩. સમ્યક્ વ્યાયામ ૪. સમ્યક્ મનોવ્યાપાર.

ગરીબોને સંતુલિત આહાર નથી મળતો એટલે એમનું આરોગ્ય નબળું છે. તો મધ્યમ વર્ગ અને અમીરો સ્વાદના ગુલામ બની આરોગ્યના નિયમોને અવગણી ગમે તેમ ખાય છે. તેથી તેમનું આરોગ્ય પણ બરાબર નથી.

શું ખાવું ? કેમ ખાવું ? ક્યારે ખાવું ? કેટલું ખાવું ? આનું શિક્ષણ નવી પેઢીના સ્વાસ્થ્ય માટે ખૂબ જરૂરી છે. જે કરવાની સંપૂર્ણ ક્રાન્તિની નેમ છે. આ થઈ સમ્યક્ આહારની વાત.

હવે વાત છે સમ્યક્ વિહારની. આહારના જેટલું જ મહત્ત્વ વિહારનું છે. ગમે ત્યારે ખાવું, ભૂખ વિના ખાવું, દિનચર્યા અને ઋતુચર્યાને સમજ્યા વિના જીવવું, રખડવું, વ્યસનના ભોગ બનવું.. આ મુદ્દાઓનો આપણે સમ્યક્ વિહારમાં સમાવેશ કરીશું.

ત્રીજી વાત સમ્યક્ વ્યાયામની. શ્રમજીવીનું સ્વાસ્થ્ય વધુપડતી મજૂરી કરવાથી બગડે છે. તો અન્ય વર્ગનું સ્વાસ્થ્ય બિલકુલ શ્રમ ન કરતાં, બેઠાડુ જીવન જીવવાથી બગડે છે. બંનેમાં આત્યંતિકતા છે. જરૂર છે સમ્યક્ વ્યાયામની. શરીરની તંદુરસ્તી અને ખોરાકના પાચન માટે વ્યાયામ આવશ્યક છે. જેમને ઉત્પાદક શ્રમ કરવાની તક મળે તેમણે પ્રથમ પસંદગી તેને આપવી

જોઈએ. એ તક ન હોય તેમણે રમતો, યોગાસનો, ચાલવું, તેમાંથી પોતાને મનપસંદ વ્યાયામ જરૂર કરવો જોઈએ.

ચોથો મુદ્દો છે સમ્યક્ મનોવ્યાપાર. શરીર મન સાથે જોડાયેલું છે, તો મન શરીર સાથે. બંને પરસ્પર સાથે સંબંધિત છે. જેનું મન કેળવાયેલું નથી તેનું સ્વાસ્થ્ય નબળું રહેતું હોય છે. મનના સ્વાસ્થ્ય માટે પ્રથમ ચીજ છે વિધાયક વલણ. નિષેધાત્મક વલણ સ્વાસ્થ્યને જોખમ પહોંચાડે છે. આગ્રહી વલણ અને ક્રોધી સ્વભાવ અનેક રોગોના ભોગ બનાવે છે. સમ્યક્ મનોવ્યાપાર માટે સારી સોબત, સારુ વાંચન, સદ્‌પુરુષોની સંગતિ અને નિઃસ્વાર્થ સેવાકાર્ય ઘણાં મદદરૂપ થાય છે.

આ ચાર વાતોનું ધ્યાન રાખવા છતાં આપણી અસાવધાની કે વારસાગત દોષોને કારણે પણ નાનામોટા રોગોના ભોગ થવાના. ત્યારે નાની નાની તકલીફમાં ડૉક્ટર પાસે દોડી જવાના બદલે ઘરગથ્થુ ઉપચારો, ઉપવાસ અને વનસ્પતિજન્ય ઔષધિઓનું સેવન રોગમુક્તિમાં ઘણું મદદરૂપ બની શકે. દવા વિનાના પણ સ્વાશ્રયી ઉપચાર, કુદરતી ઉપચારનું જ્ઞાન પોતાના તથા આસપાસના સમાજના સ્વાસ્થ્ય માટે ઘણું ઉપયોગી છે.

દરેક વ્યક્તિ અમુક હદે પોતાનો ડૉક્ટર પોતે થઈ શકે. આનો અર્થ આજના વિકસિત મેડિકલ સાયન્સની અવગણના નથી. અનિવાર્ય જરૂર ઊભી થતાં એનું પણ નિઃસંકોચ અવલંબન લેવું જોઈએ. પણ આડઅસર કરનારી દવાઓ લેવાને બદલે ઉપવાસ, આરામ, પાણી, માટી અને નિર્દોષ ઔષધિઓ વાટે આરોગ્ય પ્રાપ્ત થઈ શકતું હોય તો શું તે ઉત્તમ નથી ?

સંપૂર્ણ ક્રાન્તિના સાતે મુદ્દાઓનું ધ્રુવપદ એ છે કે – વ્યક્તિ અને સમાજે શક્ય હોય ત્યાં સુધી સ્વાવલંબન કે પરસ્પરાવલંબનનો માર્ગ અપનાવીને જીવવું. જેટલું પરાવલંબન એટલી પરાધીનતા.

જીવન સમગ્ર છે. તેનાં આ સાતે અંગો પરસ્પર સંબંધિત છે, અલગ અલગ નથી તે ધ્યાનમાં રહેવું જોઈએ.

સંપૂર્ણ ક્રાન્તિ એ કોઈ જાદુ નથી, ચમત્કાર નથી પણ માનવીના પુરુષાર્થની ગાથા છે. આદિમાનવ બીજાં પ્રાણીઓની જેમ જીવતો, તે પોતાની બુદ્ધિ, હૃદય અને હાથપગના જોરે ક્યાંથી ક્યાં પહોંચ્યો ? હજુ એ અંતિમ મુકામે તો પહોંચ્યો નથી. આ ક્રાન્તિ એક આરોહણ છે. એક પડાવ પર પહોંચીએ છીએ

ત્યાં આગળ નવું શિખર દેખાય. ત્યાં પહોંચીએ તો ત્યાંથી વળી આગળનું શિખર દેખાય. બ્રહ્માંડની જેમ સતત એ વિસ્તરે છે; એ વિકસે છે. પૂર્ણતા–સંપૂર્ણતા એ એનું અંતિમ લક્ષ્ય છે. શ્રી અરવિંદે સમગ્ર માનવજાતિને અતિમનસ ચેતના અવતારી 'પૂર્ણયોગ'ની પ્રાપ્તિ કરાવવાનું સ્વપ્નું સેવ્યું હતું. આ માટે તેમણે 'પૂર્ણયોગ'ના સાધકોનો સમૂહ ઊભો કર્યો હતો. સંપૂર્ણ ક્રાન્તિને અવતારવા માટે પણ એક યુવાપેઢી, જે એને માટે સમર્પિત હોય એવી જોઈએ. ક્રાન્તિ કાંઈ ફુરસદના સમયનું મનોરંજન નથી. આ તો એક એવી ક્રાન્તિ છે કે જે ક્રાન્તિની પ્રક્રિયામાં પણ ક્રાન્તિ કરવા માગે છે. હિંસાશક્તિની વિરોધી, દંડશક્તિથી ભિન્ન, શાંતિમય સાધનોમાં વિશ્વાસ ધરાવતી એક ત્રીજી શક્તિ – 'લોકશક્તિ' નિર્માણ કરવાનું એનું સ્વપ્નું છે.

આ ક્રાન્તિ કોઈ વ્યક્તિવિશેષને ગુરુપદે સ્થાપી તેના આદેશ મુજબ ચાલી અવતારવાની નથી. આ ક્રાન્તિનો સિપાઈ હશે 'કૉમન મૅન' – અદનો આદમી. એના વિભૂતિમત્વને ઉજાગર કરી, એની શક્તિને પ્રગટાવી એના દ્વારા પરિવર્તન લાવવાનું છે.

આ ક્રાન્તિની વ્યૂહરચનાનાં સાત બિંદુ છે :

૧. વ્યાપક લોકશિક્ષણ ૨. લોકસંગઠન – ગ્રામસંગઠન – ગ્રામસભા

૩. પ્રશિક્ષણ – તાલીમ ૪. આયોજન – ગ્રામ આયોજન

૫. અમલીકરણ ૬. મૂલ્યાંકન ૭. સત્યાગ્રહ – અન્યાય પ્રતિકાર

આવો આ સાત બિંદુ સમજીએ.

**૧. વ્યાપક લોકશિક્ષણ**

સંપૂર્ણ ક્રાન્તિ લોકોની ક્રાન્તિ છે. લોકોની, લોકો માટે, લોકો દ્વારા કરવાની. આ માટે લોકોનું વ્યાપક શિક્ષણ જરૂરી છે. કારણ કે મૂળ વિચારને સમજ્યા વિના લોકો ક્રાન્તિ કેવી રીતે કરે ? એટલે આ ક્રાન્તિના કાર્યકરોએ પહેલું કામ વ્યાપક લોકશિક્ષણનું કરવું જોઈએ. લોકોના દિલમાં ક્રાન્તિની ભૂખ જગાડવી જોઈશે. લોકો જાગશે તો ક્રાન્તિની મશાલ ઉપાડી લેશે. ગાંધીજીએ જે અહિંસક ક્રાન્તિથી સ્વરાજ્ય અપાવ્યું તે સફળ થઈ કારણ કે તેમણે તેમના અઢારવિધ રચનાત્મક કાર્યક્રમો દ્વારા પ્રજાની વ્યાપક કેળવણી કરી હતી.

**૨. લોકસંગઠન**

લોક જાગે એટલું પૂરતું નથી. આગળના કામ માટે તેમનું સંગઠન થાય તે

જરૂરી છે. સર્વોદય અને ગ્રામસ્વરાજના આંદોલનમાં આ એક કમી રહી કે વ્યાપક પ્રચાર – લોકશિક્ષણ તો થયું પણ તેની સાથે સંગઠન ન થયું. એટલે સંપૂર્ણ ક્રાન્તિની વ્યૂહરચનામાં 'ગ્રામસભા' રૂપે ગ્રામસંગઠન કરવાની કલ્પના છે. આવું 'ગ્રામસંગઠન' થતાં લોકો પોતે મળીને પોતાના પ્રશ્નોને સમજતા અને ઉકેલતા થશે. લોકોનો અભિગમ જાગે તે માટે આવું લોકસંગઠન અનિવાર્ય છે. અલબત્ત, આવા સંગઠનમાં સમાજના નબળા વર્ગો – હરિજન, આદિવાસી, મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઈએ, તો સાચા અર્થમાં તે લોકસંગઠન થઈ શકે.

**૩. પ્રશિક્ષણ**

સંગઠન પછીનું પગથિયું છે – પ્રશિક્ષણ. જે કામ કરવાં છે તેની તાલીમ ન હોય તો તે કામમાં શો ભલીવાર આવે ? કોઈ પણ કામ માટે તેનું કૌશલ્ય અનિવાર્ય છે. સંપૂર્ણ ક્રાન્તિનાં જે સાત અંગ આપણે જોયાં તે પૈકી જે અંગમાં જેને રસ હોય તેની તાલીમ ગ્રામસભાના દરેક સભ્યે લેવી જોઈએ, જેથી ગ્રામ પોતે જ પોતાના બધા વ્યવહારો કાર્યક્ષમ રીતે કરી શકે. આ કામમાં જે તે ક્ષેત્રની તાલીમ આપતી સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યાવસાયિક સંસ્થાઓની સેવાઓ લઈ શકાય.

**૪. આયોજન**

પ્રાપ્ત સંસાધનોનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરી, ઓછા સમયમાં વધુ લાભ મેળવવો હોય તો તે માટે 'આયોજન' અનિવાર્ય છે. તો નિયત સમયની સમયમર્યાદામાં તેના લક્ષ્યાંકો સિદ્ધ કરી શકાય. પશ્ચિમના દેશો અને સામ્યવાદી દેશોએ જે પ્રગતિ કરી છે તેના મૂળમાં 'આયોજન' છે. ગામના સર્વતોમુખી વિકાસ માટે 'ગ્રામઆયોજન', દરેક ક્ષેત્રનું વિગતોમાં જઈ અને ઝીણવટપૂર્વક કરવું જોઈએ. ઝડપી પ્રગતિ માટે તે અનિવાર્ય બને છે. એથી આપણે ઉત્પાદન તથા સેવાઓનાં ક્ષેત્રમાં ધાર્યાં પરિણામ હાંસલ કરી શકીએ.

**૫. અમલીકરણ**

આયોજન ઉત્તમ કરીએ પણ જો તેનો અમલ ન કરીએ તો એ માત્ર કાગળ ઉપર જ રહે. ઘણાં સારાં સારાં આયોજનો અમલીકરણ વિના ધૂળ ખાતાં પડ્યાં હોય છે. અમલીકરણ એ આયોજનનો જ એક ભાગ છે. જેટલું અમલીકરણ ઉત્તમ તેટલું પરિણામ ફળદાયી. અમલીકરણ કરનારા તાલીમી તો

હોવા જોઈએ, પણ તેની સાથે નિષ્ઠાવાળા પણ હોવા જોઈએ. નિષ્ઠા અને તાલીમ બંનેનો સમન્વય થાય એ જરૂરી છે.

## ૬. મૂલ્યાંકન

કામ કરતાં કરતાં સમયાંતરે, આયોજન મુજબ કામ બરાબર ચાલી રહ્યું છે કે કેમ, તેમાં કેવા પ્રશ્નો ઊઠે છે, તેનું નિરાકરણ કેવી રીતે લાવી શકાય તેવી તપાસણી પણ કરતા રહેવી જોઈએ કે જેથી કામ અધવચ્ચે ખોરંભે ન પડી જાય. વળી આવું કામ પૂરું થતાં આયોજન મુજબ કેટલું થયું ? કેટલા ટકા લક્ષ્યાંકો સિદ્ધ થયા તે મૂલવવું જોઈએ. આવું મૂલ્યાંકન ભવિષ્યનું આયોજન કરવામાં અને થયેલી ભૂલોને સુધારવામાં મદદગાર બને છે.

આમ વ્યાપક લોકશિક્ષણથી શરૂ કરી મૂલ્યાંકન સુધીનાં આ ૬ પગલાં એ એક શૈક્ષણિક પ્રક્રિયા અને વૈજ્ઞાનિક પદ્ધતિ છે. જો તેનું બરાબર અનુશીલન થાય તો હેતુને ધ્યાનમાં રાખી ઊપડેલ કામ સારી રીતે પાર પડે છે. આમ કરતાં ભૂલોમાંથી પણ શીખવાં મળે અને એવી ભૂલો સુધારી કામને સંપૂર્ણતાએ પહોંચાડી શકાય.

આ પછી પણ એક સાતમું પગલું 'આપદ્ધર્મ' તરીકે ભરવાનું આવે. અને જો તે ન ભરાય તો આગળનાં છએ પગલાંનું પરિણામ હાથમાંથી સરકી જાય.

આપણે એક અહિંસક સમાજના નિર્માણનું કામ ઉપાડ્યું છે. આ કામમાં સ્થાપિત હિતો આડે આવવાનાં, તે આપણા કામમાં વિઘ્નો ઊભાં કરવાનાં, ત્યારે એનો પણ મુકાબલો કરવાની પરિસ્થિતિ પેદા થશે. આ મુકાબલો કેવી રીતે કરીશું ? કૂડકપટ કે હિંસાનો માર્ગ આપણે માટે વર્જ્ય છે. આપણો વિશ્વાસ સાધનશુદ્ધિમાં છે. સાચું સાધ્ય જૂઠાં સાધન વાપરી સિદ્ધ ન કરી શકાય એવી આપણી પ્રતીતિ છે. ખોટા માર્ગે મેળવેલ પરિણામ છલના છે. તે ક્યારે પણ સર્વજન માટે સુખદાયી ન બની શકે.

ત્યારે શું કરવાનું ? જે. પી.એ શાંતિમય સાધનો દ્વારા સંઘર્ષનો માર્ગ બતાવ્યો છે. અન્યાયનો પ્રતિકાર કરવો જ રહ્યો પણ તે સત્યને માર્ગે.

ગાંધીજીએ આ માટે 'સત્યાગ્રહ'ના સફળ પ્રયોગો કરી આપણે માટે દિશા ખોલી આપી છે. શસ્ત્રનો ઉપયોગ ક્યારે પણ શાંતિ કે અમન ન લાવી શકે. એમાં તો ખૂનરેજી, ધિક્કાર અને ત્રાસાદિ છે. સામાન્ય માનવી માટે આ માર્ગ કામનો નથી. આપણે તો ખુલ્લી લડાઈ લડવાની છે. એટલે સત્યાગ્રહ એ

આપણું બ્રહ્માસ્ત્ર છે. અલબત્ત, આ સાધન વાપરવા માટે પ્રજાએ પોતાની લાયકાત ઊભી કરવી પડશે. વિરોધી માટે કોઈ દ્વેષ કે ધિક્કાર સેવ્યા વિના તેના હૃદયપરિવર્તન માટે આપણો પ્રેમ – આપણે કષ્ટ સહન કરીને – પ્રગટાવવાનો છે. આ સત્યાગ્રહની પરહેજી છે. જેમણે તે પાળી છે તે એમાં સફળ થયા છે.

એટલે સંપૂર્ણ ક્રાન્તિને સાકાર કરાવા માટેની આ સપ્તપદી વ્યૂહરચનાને આપણે સમજીને અમલમાં મૂકીએ એ માટે આપણી જેટલી સજ્જતા હશે એટલી સિદ્ધિ પ્રાપ્ત થશે.

માનવજાતે આજ લગીની તેની યાત્રામાં જે શિખરો સર કર્યાં છે તે આ છે :

૧. લોકશાહી ૨. વિજ્ઞાન ૩. ટેક્નોલૉજી ૪. મૅનેજમેન્ટ ૫. અધ્યાત્મ.

લોકશાહીમાં ઘણી અધૂરપો છે. એમાં પણ સંશોધન અને સુધારાણાને અવકાશ છે. આજે તો લોકશાહી એ કેવળ એક રાજ્યપદ્ધતિ છે. એનું વરવું રૂપ પક્ષપદ્ધતિ છે. જેને લઈ પ્રજામાં એના માટેનો વિશ્વાસ ડગી રહ્યો છે. પણ આ એક એવી ચીજ લાધી છે કે તે કેવળ રાજ્યપદ્ધતિ ન રહેતાં આપણી જીવનશૈલી બની શકે એવી એમાં ગુંજાશ છે. આજની લોકશાહીમાં 'શાહી' સર્વેસર્વા છે અને 'લોક'નો લોપ થયો છે. પણ આપણે ધારીએ તો જીવનનાં બધાં જ ક્ષેત્રોમાં લોકો પોતે શાસક બની પોતાના ભાગ્યવિધાતા બની શકે. ગ્રામસ્વરાજમાં સ્વશાસનની વિભાવના એ લોકશાહીને 'લોકનીતિ'માં પલટી નાખવાનો ક્રાંતિકારી વિચાર છે.

આ વિજ્ઞાનનો યુગ છે. જો વાપરતાં આવડે તો વિજ્ઞાન અક્ષયપાત્ર બની માનવજાતની સેવા માટે ખડું છે. આપણા વૈજ્ઞાનિકોએ એવી ઘણીબધી શોધો કરી છે કે જેથી આપણું જીવન સંપન્ન બન્યું છે. પણ વિજ્ઞાન જ્યારે સત્તાનું દાસ બની જાય છે ત્યારે અણુબૉંબ જેવી વિનાશક શોધો કરી એ માનવજાતના અસ્તિત્વ માટે ખતરારૂપ બની જાય છે. પણ આ દોષ વિજ્ઞાનનો નથી, આપણી અણસમજનો છે. એટલે સંપૂર્ણ ક્રાન્તિ, વિજ્ઞાનને માનવમાત્રની સેવામાં પ્રયોજવા માટે થઈને તેનો ઉમળકાભેર સ્વીકાર કરે છે, વિજ્ઞાનને દિશા આપવાનું, રચનાત્મક માર્ગે વાળવાનું કામ સંપૂર્ણ ક્રાન્તિ કરશે.

આજ વિજ્ઞાનને પ્રતાપે આપણને ત્રીજી ચીજ ટેક્નોલૉજી પ્રાપ્ત થઈ છે. જેણે માણસને કાળજાતૂટ કાળી મજૂરીમાંથી ઉગાર્યો છે. પણ આપણા ધુરીણોની

દૃષ્ટિહીનતાને લઈ ટેક્નોલૉજી માણસને બેકાર બનાવે છે અને વાતાવરણને પ્રદૂષિત કરે છે. પણ આ દોષ ટેક્નોલૉજીનો નથી, આપણી અણઘડતાનો છે. સંપૂર્ણ ક્રાન્તિ આ ભૂલ સુધારી લેવા માગે છે. તે એવાં યંત્રોને આવકારે છે જે માણસની કાર્યક્ષમતાને વધારે અને તેને રોજી પૂરી પાડે.

પર્યાવરણને સાચવીને ટેક્નોલૉજીનો ઉપયોગ એવી રીતે કરવો કે તે માનવીય ટેક્નોલૉજી બને.

આખરે દરેક ચીજ એ શરાણ ઉપર કસાવી જોઈએ કે તે માણસને કેન્દ્રમાં રાખે છે કે કેમ ? તે માણસને બાહ્ય રીતે સંપન્ન અને આંતરિક રીતે ખોખલો બનાવતી તો નથી ને ? એટલે માફકસરની એપ્રોપ્રિએટ ટેક્નોલૉજીનો સંપૂર્ણ ક્રાન્તિમાં ખુલ્લા દિલે સ્વીકાર છે.

આજના યુગની ચોથી લબ્ધિ છે – મૅનેજમેન્ટ. આ એક નૂતન વિભાવના છે. મૅનેજમેન્ટના કૌશલ્યને અભાવે ભરી ભરી સૃષ્ટિ અને અપાર માનવબળ હોવા છતાં પણ આપણે દળદરી રહ્યા છીએ. મૅનેજમેન્ટ એવી કળા છે કે તેની મદદથી આપણે ઓછાં સાધનો અને ઓછી શક્તિ વાપરી મહત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરી શકીએ. મૅનેજમેન્ટ એક જાદુઈ શકિત છે. એનું પોતાનું શાસ્ત્ર છે. આપણે એની ઉપેક્ષા ન કરી શકીએ. સંપૂર્ણ ક્રાન્તિ એનો પૂરેપૂરો લાભ સર્વજનહિતને માટે લેવા માગે છે.

આ ચાર વાનાં ખરાં, જે નવા યુગનાં ફરજંદ છે. એને આપણે વિવેકપૂર્વક જરૂર આવકારીશું. પણ એક પાંચમું પરિબળ છે અધ્યાત્મ. જો તેને છોડી દઈશું તો સરવાળે સમજાશે કે આપણે પામી પામીને તે શું પામ્યા ? આ તત્ત્વ પુરાતન છે અને નૂતન પણ છે. એટલે કે સનાતન છે. એને સાધ્યા વિના માનવજાત સાધનો અને સગવડોના ગંજ વચ્ચે પણ ભૂખી ને તરસી મરી જશે. જ્યાં સુધી માણસના આંતરિક દુર્વિચારોનું શમન ન થાય, તેની અંદર રહેલા પ્રેમ અને આનંદ ઉદ્‌ઘાટિત નહીં થાય ત્યાં સુધી એને શાંતિ લાધશે નહીં અને જંપ વળશે નહીં.

આવો અમી ઓડકાર પ્રાપ્ત કરાવી આપનાર ચીજનું નામ છે, અધ્યાત્મ. આ કોઈ રહસ્યવાદ નથી કે નથી પરાલૌકિક કે ચમત્કારિક ભ્રમણા. પણ દરેક માનવી સ્વયં પોતાનામાં જ અનુભવી શકે એવી પારાવાર શાંતિ અને આનંદનો એ સાગર છે. આ આપણી નિજી મૂડી છે, આપકમાઈ છે. જો તે

કહેતા કે અધ્યાત્મ એ તો તરુણાઈનો ઊંચામાં ઊંચો કૂદકો છે. આથી સંપૂર્ણ ક્રાન્તિ માને છે કે અધ્યાત્મ એ થોડા સાધુસંતોનો ઇજારો નથી. આત્મસાક્ષાત્કાર એ માનવમાત્રનો જન્મસિદ્ધ અધિકાર છે, જે તેણે પ્રાપ્ત કરવો જ રહ્યો. એથી જન જનના જીવનમાં અજવાળું અવતરશે ત્યારે આપણું આ જીવન અને આ ધરતી પૂર્ણતા ને સંપૂર્ણતા પામશે.

આજ લગીની યાત્રામાં માણસે ઘણી ઉત્તમ ચીજો પ્રાપ્ત કરી છે.

૧. લોકશાહી ૨. વિજ્ઞાન ૩. ટેક્નોલૉજી ૪. મૅનેજમેન્ટ ૫. અધ્યાત્મ

પણ આ પાંચનો અનુબંધ અંતિમ આદમી Unto the Last સાથે હજુ જોડાયો નથી. આ કામ સંપૂર્ણ ક્રાન્તિએ કરવાનું છે. ગાંધીજીનો સર્વોદય, વિનોબાજીનું ગ્રામસ્વરાજ્ય અને જયપ્રકાશજીની સંપૂર્ણ ક્રાન્તિ. આ દરેકની આગવી વિભાવના હોવા છતાં એ ત્રણે મળીને એક છે. આ એકત્વની અનુભૂતિ સંપૂર્ણ ક્રાન્તિના ઉપાસકોએ કરવાની છે.

વિચાર અપૌરુષય છે. એ દેશકાળથી ઉપરામ છે. આપણી મર્યાદાઓથી એને અભડાવીએ નહીં. એ ધરતીમાં ધરબાયેલું બી છે. અનુકૂળ પર્યાવરણ મળી પાકતાં એ જરૂર ફૂટશે – વટવૃક્ષ થશે. 'આશા અમર' છે.

આપણું કામ સાધના બુદ્ધિથી પ્રયોગ ચાલુ રાખવાનું છે. ક્રાન્તિ, સંપૂર્ણ ક્રાન્તિની મશાલ નવી પેઢીના હાથમાં આપતા જવી એ દરેક પેઢીનું કર્તવ્ય છે. કારણ કે સંપૂર્ણ ક્રાન્તિ એ સેવવા જેવું અને એથી વધુ તો જીવવા જેવું સ્વપ્ન છે.

---

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 130416
Date 15-9-2010
SIMLA

જે.પી. એવું માનતા હતા કે ભારત સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે સમાજનું પારંપરિક માળખું તથા સામંતવાદી ઢાંચો બદલી નાખવો અને તેની જગ્યાએ એક પ્રગતિશીલ, લોકશાહી સમાજરચના વિકસાવવી; અને એટલા જ માટે તેઓ લોકશાહીને જ મહત્ત્વ આપતા હતા. તેમણે લોકશાહીને જ સૌથી ઉપર મૂકી છે. તેઓ એમ પણ કહેતા હતા કે જો આપણે લોકતંત્ર લાવીશું તો બીજી બધી ચીજો તો આપમેળે સધાવાની જ છે. તેઓ તો એટલે સુધી કહેતા હતા કે લોકતંત્રમાં પરિવર્તન અને નિર્માણની શક્તિઓ આવે છે અને તેથી પછી બીજી કોઈ સામાજિક ક્રાન્તિની જરૂર જ નહીં રહે.

લોકશાહીમાં ખરેખરી શક્તિ તો મતદારની છે. ખરેખર તેનું એટલું જ કામ નથી કે તે પાંચ વર્ષમાં એક વાર મત આપી દે અને પોતાના શાસકો ચૂંટી લે. જે.પી.ના મત પ્રમાણે તેનું ખરું કામ તો એ છે કે પોતાના આડોશપાડોશના લોકો સાથે ચર્ચાવિચારણા કરીને સામૂહિક જીવનની ફરજોનું પાલન કરે. આમ થશે તો પ્રત્યેક ગામ અને તેના પડોશનું ગામ અથવા નગર લોકશાહીનું એક જીવતું જાગતું એકમ બની જશે અને તેનું સંચાલન તથા નિયંત્રણ આ મતદાતાઓની એટલે કે જનતાની સહકારી ભાવનાથી જ થશે; સરકાર કે કાયદા અથવા પોલીસના દંડાથી નહીં.

લોકતંત્રથી ચાલતી લોક... ને
લોકો પોતે જ પોતાનું ચૂંટણીતં...
જિતાડે, તે લોકોને વફાદાર હો...
એટલું જ નહીં પણ તે કામ ન ... ો
બોલાવી લે.

Library IIAS, Shimla
GJ 891.478 R 198 S
00130416

SABARMATI ASHRAM
000670 Ahmedabad
SAMPURNA KRANTI GUJ.
MRP:Rs.10

કિંમત રૂ. ૧૦/-

ISBN 81-7229-324-X